

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જુલાઈ ૨૦૧૯

સૈયર, હું રે છુટ્ટું ચૂરમું
સાહ્યબો પાંચે પકવાન...




**Marketed by : Wonder Waves Entertainment Pvt. Ltd.,** 707, Shitiratna, Panchavati Cross Road, Ellisbridge, Ahmedabad - 380006.
**Contact us :** 079-26561834/35, 9825045957, Visit us at: www.shyamalsaumil.com

/shyamalsaumil /shyamalsaumilmunshi /shyamalsaumilofficial /shyamalsaumil


Yellow Sapphire
CERTIFIED
GEMSTONES
with Buy Back Guarantee
Ruby
Emerald
Pearl
Coral
Diamond
Blue Sapphire
Hessonite
Cat's eye
RATNAश्री®
Gems & Jewels
42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, www.ratnashree.com

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## આપણામાં સ્થિર થઈ સ્હેજ ઠરીએ અને આપણને પામીએ એટલે ધન્ય

જીવન એટલે ઘણી બધી ક્ષણોનો સરવાળો. પ્રત્યેક દિવસ આવી જ ક્ષણોને લઈને ઉગતો હોય છે. જે સોનામહોર જેવી હોય છે તેમ છતાં આપણે આવી સાચી ક્ષણો માટે રાહ જોતાં હોઈએ છીએ. સાચી ક્ષણ કઈ? એ શોધવાને બદલે મળેલી પ્રત્યેક ક્ષણ સાચી માની લઈને આપણે જીવતાં શીખવાનું છે. કાળના પ્રવાહમાં વહી ગયેલી ક્ષણોને ભૂલીને અને આવનારા દિવસોની પળોનો વિચાર છોડી વર્તમાનમાં મળેલી ક્ષણોને જે માણી શકે એ જ સાચે જીવી શકે.

આકાશને પણ આપણે આપણી બારીના ગજથી માપીએ છીએ. એ અસીમ વિસ્તરેલું હોવા છતાં એને આપણે આપણા માપદંડથી માપીએ તો આપણે જ નાનાં થઈએ. માટે જ સાચી-ખોટી, સારી-ખરાબ ક્ષણોને ચીતરવા કરતાં મળેલી પ્રત્યેક ક્ષણ આપણે આપણા વ્યવહાર અને અભિગમ દ્વારા ઝળહળતી બનાવીએ એ જ સાચી દિશા છે જે આપણી દશા પણ નક્કી કરે છે.

કેલિડોસ્કોપમાં જોતા હોઈએ ત્યારે હાથ સ્હેજ જ હલતા અંદર રહેલા રંગીન કાચના ટુકડા અને તે દ્વારા રચાતી ડિઝાઈન તરત જ વેરવિખેર થઈ જાય છે, બદલાઈ જાય છે અને નવો જ આકાર રચાઈ જાય છે. ક્ષણો પણ આવા રંગીન ટુકડા છે અને મન પણ પોતાના મનગમતાં કલ્પનો દ્વારા એમાંથી નવી-નવી આકૃતિ ઘડ્યાં કરે છે ત્યારે આપણામાં સ્થિર થઈ સ્હેજ ઠરીએ અને સર્વોત્તમ ક્ષણો અથવા નિરાંતનો સમય ક્યારેક આવશે એ વિચાર છોડી પ્રત્યેક પળને માણીએ અને આપણને પામીએ એટલે ધન્ય.

—સૌમિલ મુનશી

Follow us on
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૧૦૩/જુલાઈ, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાઘવાણી

**ઓફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર

**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઈ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu૧૨૩@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી.
તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.
and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., ૫૫/૧૪, City Mill compound, Kankaria Road, Ahmedabad-૩૮૦ ૦૨૨ and **Published form** ૭૦૭, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-૩૮૦ ૦૦૬. **Editor**-SAUMIL PARESH MUNSHI

## ‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’માં વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ વાંચવા અને તાદૃશ માણવા મળે છે.

‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’માં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ વાંચવા અને તાદૃશ માણવા મળે છે. આનંદ થાય છે કે ગુજરાતમાં આજે પણ ઘણી સાહિત્યિક પ્રવૃત્તિઓ થતી રહે છે અને તેને માણવા લોકો આજે પણ ઉત્સાહિત થાય છે. શક્ય હોય તો આપ નાના શહેરોમાં થતી પ્રવૃત્તિઓને પણ સામેલ કરો તો વધારે આનંદ થશે. અંકના તમામ લેખો સુંદર અને સુઘડ લે-આઉટમાં હોય છે. જોઈને જ વાંચવાની ઇચ્છા થઈ જાય તેવા! મને પર્સનલી જો વાંચવી ગમતી હોય તો ‘વીણેલા ફૂલની ફોરમ’. જેમાં નાની-નાની ટચૂકડી પણ ચોટદાર વાર્તાઓ સામેલ છે. મજાની વાત તો એ છે કે તેમાં ભારતભરના લેખકોની અનુવાદ પામેલી સમૃદ્ધ વાર્તાઓ વાંચવાનો લ્હાવો અમને મળે છે.

બાકી રાજેશ વ્યાસ ‘મિસ્કીન’, વિનોદ જોશી, રતિલાલ બોરીસાગરને તો વાંચવાનું ચૂકાય જ કેમ. આવી ઉમદા સાહિત્યિક સેવા કરતાં રહો એવી શુભેચ્છા છે.

**— સ્તુતિ શુક્લ, સુરત**

## ગુજરાતી ભાષાનું એક સુંદર નજરાણું આપ સજાવી રહ્યાં છો

‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’નો આગામી અંક પણ એટલો જ સરસ રહેશે એવો વિશ્વાસ છે. સાહિત્ય અને સંગીતને છાજે એવા સુંદર અંકો આપ તૈયાર કરી રહ્યાં છો. તમે જે રીતે ગુજરાતી ભાષા અને સંગીતની સેવા કરી રહ્યા છે તે જોઈને પ્રેરણા લેવા જેવી છે. ગુજરાતી ભાષાનું એક સુંદર નજરાણું આપ સજાવી રહ્યા છો. અંકના દરેક લેખ એક વાચક તરીકે તરત ક્લિક કરી જાય તેવા હોય છે. જ્યારે આજકાલના મેગેઝિનો જે રીતે આડેધડ લેખો પસંદ કરી છાપે છે તે જોતા જ આપનું મેગેઝિન અલગ તરી આવે છે.

સંગીત અને સાહિત્યના સથવારે આમ જ સંસ્કૃતિને જીવંત રાખતા રહો એવી શુભભાવના હરહંમેશ આપની સાથે રહેશે.

**— ડૉ. ચાર્મી રાવલ, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# ચિત્ત ક્યાંય ના ચોંટે, મન ક્યાંય ના લાગે, ત્યારે આકાશ દર્શન



### આભને જોયા કરું

કોઈ બાળક જેમ હરપળ આભને જોયા કરું,
ને થતો જઉં સાવ નિર્મળ આભને જોયા કરું.

ને સજળ-નિર્જળ બની આકાર જે બદલ્યા કરે,
હું મને લાગું એ વાદળ આભને જોયા કરું.

ક્યાંય ક્યાંનો ક્યાંય ખોવાઈ જતો સંસારમાં આ,
સાવ ખાલી હું ય ઝળહળ આભને જોયા કરું.

ધ્યાન-પૂજા-પાઠ-મંત્રો કૈં જ પણ સૂઝે નહીં,
જે ક્ષણે ચૂપચાપ કેવળ આભને જોયા કરું.

આ ધરાને જોઈ તપતી એ જ ચોમાસું થતું,
આ તરસમાં એ જ ખળખળ આભને જોયા કરું.

શું લખું કોના વિશે મિસ્કીન નક્કામું બધું,
લાગતા હરગ્રંથ અટકળ આભને જોયા કરું.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

તમે ક્યારેય નિરાંતે આકાશ દર્શન કર્યું છે? દિવસે આકાશને જોતાં-જોતાં ક્યાંના ક્યાંય ખોવાઈ જવાય છે. કવિવર રાજેન્દ્ર શાહ પાસેથી મને આકાશ દર્શનની પ્રેરણા મળી હતી. જ્યારે મનમાં ખૂબ વિચારો ચાલતાં હોય, ચિત્ત ક્યાંય ચોંટતું ના હોય, મન ક્યાંય લાગતું ન હોય ત્યારે તેમણે આકાશને માત્ર જોયા કરવાનું એમ જણાવ્યું હતું. મનમાં ભલે અનેક વિચારો દોડતા હોય પણ આકાશને જોતા-જોતા ધીરે-ધીરે વિચારો ક્યાંય ખોવાઈ જાય છે. સાવ ખાલી થઈ જવાય છે. એકાંતમાં ખુરશીમાં બેસીને કે ગાદલું પાથરીને સૂતા-સૂતા વર્ષોથી મને આકાશ જોવું ગમે છે. અને મેં અનુભવ્યું છે, મન સાવ ખાલી થઈ જાય છે. મન સાવ હળવું બની જાય છે. ઘણાં વર્ષો પછી ખબર પડી કે આકાશ દર્શન એ પણ પૂજા પદ્ધતિનો એક ભાગ છે.

કોઈ બાળકની જેમ આકાશને જોવાની મજા ઑર છે. બાળકના સંદર્ભમાં મરીઝનો એક શેર યાદ આવે છે.

**કુતૂહલતા અને આંનદની દૃષ્ટિ રાખ દુનિયા પર,**
**પડે છે જેમ બાળકની નજર કોઈ તમાશા પર.**

બાળકની આંખમાં કુતૂહલતા અને આનંદ છલકાતા હોય છે. પ્રત્યેક પળે એ જે કંઈ જુવે છે તેમાં ભરપૂર કુતૂહલતા હોય છે. આકાશ તો બે વ્યક્તિની વચ્ચે પણ હોય છે. પણ દેખાતું નથી. પણ દૃષ્ટિ જેમ દૂર જાય છે તેમ આકાશને જોતા જોતા જ આપણે ખોવાઈ જઈએ છીએ. બાળકની જેમ જોતાં આવડે એ બહુ જરૂરી છે. બાળકની જેમ એટલે ચાઈલ્ડ લાઈક (child like) બાળસહજ બનવાનું છે. ચાઈલ્ડીશ (childish) બાલિશ નહીં. સાવ બાળકની જેમ આકાશ જોઈએ છીએ અને અચાનક મનના વિચારો ઓછા થવા માંડે છે જાણે સાવ નિર્મળ બની જઈએ છીએ. આકાશમાં બે પ્રકારના વાદળો હોય છે. એક પાણીથી ભરેલા અને એક પાણી વગરના. એક સજળ વાદળ એક નિર્જળ વાદળ. વાદળ સતત આકાશમાં દોડતાં રહે છે. તેમનો આકાર બદલાતો રહે છે. મનમાં વિચારો પણ સજળ અને નિર્જળ હોય છે. સુક્કા કે પાણી ભરેલા. મનના વિચારો પણ સતત આકાર બદલતા રહે છે. વાદળને અને આકાશને જોતા-જોતા એક વાતનો ખ્યાલ આવે છે કે વાદળ સતત ગતિમય હોય છે અને બીજું વાદળ વગરનું આકાશ બહુ સુંદર લાગતું હોય છે પણ એ ભાગ્યે જ જોવા મળતું હોય છે. આકાશ અને વાદળ અભિન્ન લાગે છે. મન અને વિચારો પણ અભિન્ન લાગે છે. મન વિચારો વગરનું હોઈ શકે એની આપણને કલ્પના નથી. ભીતર જે આકાશ છે એને ચિદાકાશ કહે છે. યોગી પુરુષો એ ચિદાકાશમાં વિહરતા હોય છે. આકાશને જોતા-જોતા આકાશ દર્શન કરતાં-કરતાં અનેકવાર લાગે છે કે હું વાદળ છું. આપણે સૌ વાદળ છીએ. આપણે સૌ અહીંથી ચાલ્યા જવાના છીએ. ક્યાંક વરસી જવાના છીએ; ક્યાંક વિખરાઈ જવાના છીએ.

> જ્યારે મનમાં ખૂબ વિચારો ચાલતાં હોય, ચિત્ત ક્યાંય ચોંટતું ના હોય, મન ક્યાંય લાગતું ન હોય ત્યારે તેમણે આકાશને માત્ર જોયા કરવાનું એમ જણાવ્યું હતું. મનમાં ભલે અનેક વિચારો દોડતા હોય પણ આકાશને જોતા-જોતા ધીરે-ધીરે વિચારો ક્યાંય ખોવાઈ જાય છે. સાવ ખાલી થઈ જવાય છે.

આકાશને જોતા-જોતા મનમાં જે વિચારો આવે એને મેં આવવા દીધા છે. આ આકાશ એટલે શું? ત્યાંથી લઈને આ સૂર્ય, આ ચંદ્ર એ કેવા છે. આપણી શ્વાસોની નાડીને પણ સૂર્યનાડી અને ચંદ્રનાડી કહે છે. ક્યાંનો ક્યાંય હું ખોવાઈ જઉં છું અને એ પળે કોઈ સંસાર કે કોઈ દુનિયા ક્યાંય દેખાતા નથી. સાવ ખાલી થઈ ગયો હોઉં છું. હું ય ઝળહળતો હોઉં એવું લાગે છે. જાણે સૂર્યનું તેજ આપણી ભીતર છે.

**આ હૃદય સમો તિખારો છે કરી રહ્યો ઈશારો,**
**કોઈ કાળે સૂર્યમાંથી હું જુદો પડી ગયો છું.**

**— ગની દહીંવાલા**

આપણા શરીરમાં, દેહમાં જે હૂંફ છે એ સૂર્યની છે. સાવ ખાલી થઈને ચૂપચાપ આકાશને જોયા કરતો હોઉં છું. ત્યારે ધ્યાન, પૂજા, પાઠ, મંત્રો કંઈ જ જાણે સૂઝતું નથી. સમગ્ર સૃષ્ટિ જાણે બદલાઈ ગઈ હોય છે. ઓશોની ભાષામાં કહું તો, 'તમામ સ્વરૂપે પરમશક્તિની અભિવ્યક્તિ એટલે જીવન.' આકાશને જોતા-જોતા જાણે આખી જીવનશૈલી બદલાઈ જાય છે. હું અને ભગવાન જાણે અલગ નથી હોતા. હું ભગવાનને

જીવું છું. કરોડો માઈલના દૂરના સૂરજને કારણે જ મારા આંગણાના આ છોડ અને ઝાડ લીલાછમ છે. એ ચમત્કાર લાગે છે. જે કંઈ એવું છું એ ધ્યાન ધરતો હોઉં તેમ જ લાગે.

ધરતી અને આકાશ દૂર ક્યાંક જે મળતા લાગે છે તેને ક્ષિતિજ કહે છે. ક્ષિતિજે જાણે આકાશ અને ધરતી એક થઈ જાય છે. પણ મને તો આકાશ અને ધરતી અભિન્ન લાગે છે. આ ધરતીને તપતી જોઈને એ આકાશ જ ચોમાસું બની જાય છે. મારી તરસને તૃપ્ત કરતું જળ એ આકાશ જ લાગે છે.

આકાશ વિશે બાળપણથી કુતૂહલ. આકાશ એટલે શું? આકાશને અડી શકાય ખરું? આવા વિચારો ખૂબ આવતા. મંદિરમાં જઈને જે ભગવાનને પગે લાગું છું એ ભગવાને આ આકાશ બનાવ્યું છે? એવું મનમાં થતું. ઘણું વાંચ્યું. એક દિવસ વાંચવાનું બધું છૂટી ગયું. જે લખેલું છે એ બધું જ અટકળ લાગે. કાં તો સીમિત લાગે. આકાશ દર્શન કરતાં-કરતાં એટલું જાણ્યું કે પ્રતીતિ એ સૌથી મોટું પ્રમાણ છે. આ સંસારમાં સુખ-દુઃખ તો છે જ, આ સંસારના ત્રિવિધ તાપ આપણને સળગતા રાખી શકે છે પરંતુ મને તો આકાશ દર્શન કરતાં-કરતાં, મારી કેડી બનાવતાં બનાવતાં એ જીવનને માણવાનો આનંદ અનોખો સાંપડ્યો છે.

**આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી,**
**અર્થ એનો એ નથી કોઈએ સફર ખેડી નથી.**

**— મિસ્કીન**

ઘણીવાર દરિયાઈ સફરો ખેડી, ઘણીવાર વિમાનમાં પ્રવાસ કર્યો. ક્યાંય કોઈ કેડી કે રસ્તો દેખાયા નથી અને તે છતાંય દિશા અને રસ્તાઓ હોય છે. આકાશ દર્શને મને આમ રસ્તો દેખાડ્યો છે, સૂઝાડ્યો છે.





રતિલાલ બોરીસાગર

# વજનની હળવી શૈલી



મને હૃદયની તકલીફ થઈ ત્યારથી મારી વજનકથા શરૂ થાય છે. જોકે મારું વજન પહેલેથી ઓછું હશે, પણ એ અંગે હું સભાન નહોતો. હૃદયની તકલીફ શરૂ થઈ એ સાથે ખાવાપીવાની કડક પરેજી શરૂ થઈ. ('ખાવા' સાથે 'પીવા'નો પ્રયોગ માત્ર ભાષાપ્રયોગ લેખે જ સમજવો. એમાંથી અન્ય અર્થો ન કાઢવા—ગુજરાત હોવાને કારણે આ સ્પષ્ટતા જરૂરી સમજું છું.) ઘી બંધ, ચા એકદમ ઓછી—તે પણ મલાઈ વગરના દૂધની (મલાઈ વગરની સરકારી નોકરીની જેમ મલાઈ વગરના દૂધની ચામાં કશો સ્વાદ ન આવે.) બધા પ્રકારનાં મિષ્ટાન બંધ, શાકમાં તેલ નાખવાને બદલે તેલમાં નાખેલું શાક ખાતો એને બદલે સાવ ઓછા તેલવાળું- અને તે પણ સૂરજમુખી કે કરંડીના તેલમાં બનાવેલું શાક - આવા ભોજનપત્રકને કારણે મારું વજન ઘટવા માંડ્યું. મારી ઊંચાઈ (ખરેખર તો 'લંબાઈ' શબ્દ વાપરવો જોઈએ.) જોતાં મારું વજન ૬૪થી ૬૮ કિલોગ્રામ હોય તો એ આદર્શ વજન કહેવાય એવું મારા ડૉક્ટર મિત્રે આદર્શ વજન માટેનો ચાર્ટ બતાવીને સમજાવેલું. આ ચાર્ટ બતાવ્યા પછી તરત વજન કર્યું તો ૬૦ કિલોગ્રામ થયું! આદર્શ વજનના નીચેના આંકથી પણ ચાર કિલોગ્રામ ઓછું! કદાચ આ કાંટો બરાબર ન હોય એમ માની તે જ દિવસે ત્રણ-ચાર જગ્યાએ મારું વજન કરાવી જોયું. એક અપવાદ બાદ કરતા બાકીના બધા વજનકાંટાઓએ એકમતે મારું વજન ૬૦ કિલોગ્રામ હોવાનું

જાહેર કર્યું. જે વજનકાંટાએ પોતાનો જુદો મત બતાવ્યો તેણે બાવન કિલોગ્રામ વજન બતાવ્યું!' આ વજનકાંટાએ ખોટું વજન બતાવ્યું તે મારી તરફેણમાં બતાવ્યું હોત તો રાજી થાત. કદાચ મોં-માગી કિંમત આપીને એ કાંટો ખરીદી લેત. પણ એણે તો મારું વજન સારી પેઠે ઘટાડી આપ્યું હતું!

'સાઠ કિલોગ્રામ વજન ઓછું કહેવાય. થોડું વજન વધારો. આમ છતાં, સાઠ કિલોગ્રામ વજન કાયમ રહે તો ચિંતા કરવાની જરૂર નથી.' મારા ડૉક્ટરે કહ્યું. આ ડૉક્ટરો પણ ખરા છે. વજન વધારનારા પદાર્થો ખાવાની ના પાડે અને પાછા વજન વધારવાની સૂચના આપે! હોલ મિલ્ક, બધા પ્રકારના મિષ્ટાન્ન, આઈસ્ક્રીમ વગેરે ખાવાની ડૉક્ટર છૂટ આપે અને આવા પદાર્થો માટે થતા ખર્ચને પહોંચી વળવા બૅન્કો લોન આપે તો હું આદર્શ કરતાં દોઢું-બમણું વજન કરી દેખાડું. આપણી રાષ્ટ્રીયકૃત બૅન્કો ઘણી ઉદાર થતી જાય છે (જોકે તોય કૉ-ઑપરેટિવ બૅન્કો જેટલી ઉદાર તો નહીં જ) એટલે મિષ્ટાન્ન ખાવા માટે પણ લોન આપે કદાચ, પણ ડૉક્ટરો ખાવાની છૂટ ન આપે.

મારું વજન સાઠમાંથી અઠ્ઠાવન કિલો થયું ત્યારે મને ચિંતા થવા લાગી. મેં ડૉક્ટરને વાત કરી તો એમણે કહ્યું, 'આ રીતે વજનની ચિંતા કરશો તો ચિંતાને કારણે વજન ઊલટું ઘટશે.' માણસે ચિંતા ન કરવી જોઈએ. બધું પ્રભુને સોંપી દેવું જોઈએ. એ વિશે ડૉક્ટર કરતાં પણ મેં વધારે વાંચ્યું છે. મેં પોતે પણ આવી સલાહ અનેક લોકોને અનેક વાર આપી છે, પણ વજન ઘટતું જાય અને મને એની ચિંતા ન થાય એ શક્ય નહોતું. વજન ઘટવાનો આ ક્રમ ચાલુ રહેશે તો એક દિવસ કદાચ હું ઓગળી જઈશ. એવી મને બીક લાગવા માંડી. વિનોબાજીએ સૂક્ષ્મપ્રવેશ કરી દેહત્યાગ કર્યો હતો. મારો પણ સૂક્ષ્મમાં પ્રવેશ થઈ રહ્યો હોય એવું મને લાગવા માંડ્યું. અલબત્ત, વિનોબાજીએ સ્વેચ્છાએ સૂક્ષ્મપ્રવેશ કર્યો હતો, જ્યારે મારો સૂક્ષ્મપ્રવેશ ફરજિયાતપણે થઈ રહ્યો હતો એટલો અમારા સૂક્ષ્મપ્રવેશમાં અવશ્ય ફેર હતો.

આપણી રાષ્ટ્રીયકૃત બૅન્કો ઘણી ઉદાર થતી જાય છે (જોકે તોય કૉ-ઑપરેટિવ બૅન્કો જેટલી ઉદાર તો નહીં જ) એટલે મિષ્ટાન્ન ખાવા માટે પણ લોન આપે કદાચ, પણ ડૉક્ટરો ખાવાની છૂટ ન આપે.

વજનની જાળવણી અંગે ડૉક્ટરે આપેલી કેટલીક સૂચનાઓમાં એક સૂચના નિયમિત વજન કરાવવાની પણ હતી. ડૉક્ટરે મહિનામાં એક વાર વજન કરાવવાનું કહ્યું હતું. પરંતુ મારું આદર્શ વજન બતાવે એવો આદર્શ વજનકાંટો આ જગતમાં ક્યારેક ઓચિંતો મળી આવે પણ ખરો એવી આશામાં જુદા-જુદા વજન-કાંટાઓ પર હું મહિને ત્રણ-ચાર વાર વજન કરાવવા માંડ્યો. રેલવે-સ્ટેશને કે બસસ્ટૅન્ડે જવાનું થાય ત્યારે તો અચૂક વજન કરાવું જ. કોઈ વાર તો પાસેપાસેના બે કાંટા પર તરત વજન કરાવતો. પાસેપાસેના આ બે કાંટા કોઈ વાર જુદું વજન બતાવતા, પણ મારે જોઈતું હતું એટલું વજન બતાવવાની ઉદારતા કોઈ કાંટો બતાવતો નહીં. અલબત્ત, રેલવે-સ્ટેશને કે બસસ્ટૅન્ડના કાંટા વજન ખરાબ બતાવતા, પણ ભવિષ્ય દરેક વખતે સારું બતાવતા. મારા વ્યક્તિત્વ વિશેના અદ્‌ભુત નિર્દેશો એ વજન-ટિકિટોમાં છાપેલા મળતા. આ નિર્દેશો વાંચીને ખુદ હું જ અચંબામાં પડી જતો. હું આ જગતની એક મહાન વિભૂતિ છું એવી ખાતરી મને આ વજન-ટિકિટો પળવારમાં કરાવી દેતી. મારું શારીરિક વજન ભલે ઘણું ઓછું છે, પણ મારું બૌદ્ધિક અને આધ્યાત્મિક વજન ઘણું વધારે છે એવું મને લાગવા

માંડતું. મેં આ ટિકિટો ઘણો વખત સાચવી પણ રાખેલી. પોલીસખાતું જરૂર પડ્યે, આ વજન ટિકિટવાળું પ્રમાણપત્ર માન્ય રાખે કે કેમ એ અંગે મેં મારા એક પોલીસઅધિકારી મિત્ર, એક વકીલ મિત્ર અને કાયદાખાતાના જૉઇન્ટ સેક્રેટરી કક્ષાના અધિકારી મિત્રને પૂછી જોયેલું. એ લોકોએ સર્વાનુમતે 'ના'માં જવાબ આપ્યો તે પછી આ વજન-ટિકિટો ભેગી કરી રાખવાનો મારો ઉત્સાહ મંદ પડી ગયો.

આદર્શ વજનનું લક્ષ્ય સિદ્ધ કરવા મેં, ઓછું વજન હોવાનું જ્ઞાન થયા પછીના પહેલાં શિયાળામાં 'જીવન'(પ્રાશાવલેહ)નું સેવન કર્યું. મારા પિતાજીના ખાસ મિત્ર પિતાજી સાથે શિક્ષક હોવા ઉપરાંત વૈદ્ય પણ હતા. એમને ત્યાંથી આવેલું 'જીવન' બાળપણમાં બહુ ખાધેલું. જીવન ચાટ્યા પછી તરત જ, શેરીના કોઈ બળવાન મિત્ર જોડે, આપણા વિપક્ષોની જેમ લડવાનું કોઈ ને કોઈ બહાનું શોધી કાઢી, મારામારી કરતો એવું યાદ છે (દર વખતે માર ખાઈને ઘરે આવતો એવુંય યાદ છે.) જીવનના આરંભકાળમાં માત્ર મોજ ખાતર 'જીવન' ખાધેલું તો જીવનના અંતકાળમાં—જોકે અંતકાળમાં તો ન કહેવાય પણ જીવનના ઉત્તરાર્ધ કાળમાં જીવન ટકી રહે એટલું વજન વધારવા મેં જીવનનું સેવન કર્યું. શિયાળાના ચાર મહિના જીવનનું સેવન કર્યા પછી મારા વજનમાં એક કિલોનો માતબર વધારો નોંધાયો. હું એકદમ રાજી થઈ ગયો. પણ મારા રાજીપાનું તત્કાળ બાળમરણ થાય, કારણ કે કૉલેસ્ટરૉલનું પ્રમાણ ઘટાડી શક્યો હતો, પણ જીવનસેવનને કારણે કૉલેસ્ટરૉલનું પ્રમાણ એકદમ વધી ગયું. 'જીવન'ને કારણે જ જીવન સમાપ્ત થઈ જાય એવા સંજોગો ઊભા થયા. હું તત્કાળ ડૉક્ટરને શરણે ગયો, એમણે કહ્યું, 'તમે વજનની ચિંતા છોડોને કૉલેસ્ટરૉલનું પ્રમાણ નૉર્મલ રહે તેનું ધ્યાન રાખો.' હું ફરી કડક આહાર-નિયમન તરફ વળ્યો.

વજન વધવાના કશાં ચિહ્નો ન જણાતાં મેં ઓછા વજનના ફાયદાઓ શોધવા તરફ મન વાળ્યું. આપણા એક લોકગીતમાં કોડભરી કન્યા પોતાના દાદાને વર માટેનાં પોતાનાં નૉર્મ્સ જણાવે છે. એમાં 'કેડ રે પાતળિયો ને મુખે રે શામળિયો' એક એવો તે વર દાદા ગોતજો' એવું એક ધોરણ કન્યાના મુખે રજૂ કરવામાં આવ્યું છે.

> આપણા એક લોકગીતમાં કોડભરી કન્યા પોતાના દાદાને વર માટેનાં પોતાનાં નૉર્મ્સ જણાવે છે. એમાં 'કેડ રે પાતળિયો ને મુખે રે શામળિયો' એક એવો તે વર દાદા ગોતજો'

આ લોકગીત સાંભળ્યું ત્યારે હું રાજી થઈ ગયો. પાતળા શરીરવાળો પુરુષ સ્ત્રીનો સ્વપ્નપુરુષ હોય છે એવા વહેમમાં હું થોડો વખત રહ્યો. પરંતુ લોકસાહિત્યના ઊંડા અભ્યાસી ને મારા નિકટના સ્નેહીએ મારો ભ્રમ ભાંગતા કહ્યું, 'આ ગીતમાં સિંહની કેડ જેવી પાતળી કેડવાળા અને શ્રીકૃષ્ણ જેવા શ્યામ મનોહર મુખવાળા પુરુષની કલ્પના છે.' સિંહ જેવી પાતળી કેડવાળો પુરુષ એટલે સિંહ જેવો પરાક્રમી પુરુષ' એવો પણ અર્થ આમાં સમાયેલો છે. આ ધોરણમાં તો ગ્રેસના ગમે તેટલા માર્ક્સ આપવામાં આવે તોપણ હું ક્યાંય ફિટ ન થાઉં!

'વજન ઓછું છે', 'વજન ઓછું છે.' એવી ચિંતા કર્યા કરશો તો વજન વધારે ઓછું થશે એટલે વજનની ચિંતા છોડો—આવી ડૉક્ટર મિત્રે ફરી સલાહ આપી. આ સલાહ સ્વીકારી. ઓછા વજનની ચિંતા છોડવાના પ્રયત્નો મેં આદર્યા—હજુ એ પ્રયત્નો ચાલુ છે.


**('ૐ હાસ્યમ્', સાભાર: ગૂર્જર પ્રકાશન)**




Future Solutions®
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza,
Shyamal Cross Roads,
Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06,
99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park,
Opp. Pratik Mall,
Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789
K3DC.IN




Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
Schneider Electric
Control4
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784
K3DC.IN

POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor,
B/h. Oriental Bank of Commerce,
Shyamal Cross Roads, Satellite,
Ahmedabad-380 015.
info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
9824013589
+91 79 2674 6605 / 06
K3DC.IN

The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant,
Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN

# એક ખરા બપોરે!



અત્યારે તો એ ઘટનાને કેટલાં વરસ વીતી ગયાં, તેમ છતાં ઉનાળામાં એકાદ વાર તો એ ઘટના મારી નજર સામે આવી જ જાય છે.

તે વખતે હું દસ વરસની હોઈશ અને મારો નાનો ભાઈ મુન્નો હશે સાત વરસનો. ખરો બપોર હતો. ધોમ ધખતો તાપ પડતો હતો. બહાર રસ્તો સૂમસામ. ચકલુંયે ફરકતું નહોતું. અમે ભાઈ-બહેન ઘરમાં એકલાં.

તેવામાં જોરદાર અવાજ આવ્યો. અમે બારીએ જઈ જોયું. અમારા મકાન પાસે જ બે યુવાન પડ્યા હતા. લોહી વહી રહ્યું હતું. એમનું સ્કૂટર દસ ફૂટ દૂર જઈને ઊંધું પડ્યું હતું.

મારે મોઢેથી ચીસ નીકળી ગઈ. મુન્નાને લઈને હું બહાર દોડી. પવનના ઝપાટે અમારી પાછળ અમારું બારણું ફટાક કરતું બંધ થઈ ગયું. 'હાય રે! હવે ચાવી તો નથી. મમ્મી આવશે ત્યાં સુધી બહાર જ રહેવું પડશે.' પરંતુ તેની પરવા કર્યા વિના અમે દોડ્યાં. બંને યુવાનો કણસતા હતા. શું કરવું તે કાંઈ સમજાય નહીં. ત્યાં કોઈ માણસ મળે નહીં.

અમે પડોશનું એક બારણું ઠોક્યું. શાંતાકાકીની ઘરડી નોકરાણીએ બારણું થોડું ખોલ્યું અને ફાટમાંથી અમને જોઇને બબડી, 'કેમ છોકરાંવ! ભર બપોરે પણ આરામ કરવા દેતાં નથી. જાવ, કાકી ઊંઘે છે!' અને અમે હજી કાંઈ કહીએ તે પહેલાં તો તેણે બારણું બંધ કરી દીધું.

ઘડીભર અમે વિચારતાં ઊભાં રહ્યાં. લાવ, કનુકાકાને કહીએ! એમની ગાડી છે. ઘાયલ યુવાનોને હોસ્પિટલ પહોંચાડે. જઈને એમની ઘંટડી વગાડી. કોઈ ન આવ્યું. મને ચટપટી થતી હતી. હું જોર-જોરથી ઘંટડી વગાડતી રહી. 'કોણ છે અત્યારે'—કહેતા કનુકાકાએ બારણું ખોલ્યું. તે બહુ ગુસ્સામાં હતા. હું ઝટ ઝટ કહેવા લાગી, 'કાકા, ભારે

અકસ્માત થઈ ગયો છે,. બે યુવાન ઘાયલ થઈને પડ્યા છે. એમને હોસ્પિટલ...'

પરંતુ એમણે મારું સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. 'જાવ, જાવ! તમારે છોકરાંવે અકસ્માત-બકસ્માતના લફરામાં નહીં પડવાનું.' અને એમણેય અમને કાઢી મૂકીને બારણું બંધ કરી દીધું.

હવે શું કરવું? ફરી એક બારણું ઠોક્યું. ત્યાં ફોન હતો. મારા જેવડા જ એક છોકરાએ બારણું ખોલ્યું, એટલે ઘરમાં અમને પ્રવેશ મળ્યો. અમારી વાતથી એય રઘવાયો થયો. તેને ત્યાંથી મેં મારા પપ્પાને ફોન જોડવા બહુ વાર પ્રયત્ન કર્યો. પણ લાગ્યો નહીં. ત્યાં ટેલીફોન ડિરેક્ટરી પડી હતી. પૂંઠા પર જ એમ્યુલન્સ અને સામે નંબર લખ્યો હતો. મેં ફોન જોડ્યો. ઘણી વાર સુધી તો મારો નાની છોકરીનો અવાજ સાંભળી કોઈએ ધ્યાન ન આપ્યું. પરંતુ મેં ફરી ફરીને કહ્યે રાખ્યું. છેવટે એમણે સરનામું નોંધી કીધું. મારો ફોન નંબર લીધો.

અમે ફરી ઘાયલ યુવાનો પાસે આવી એમ્યુલન્સની વાટ જોતાં ઊભાં. પણ બહુ વાર થઈ ત્યારે હું પાસેના એક દવાખાને જઈ આવી. પણ ત્યાં દાકતર નહોતા. અમે નિ:સહાય થઈ ઊભાં રહ્યાં. બે સ્કૂટર પસાર થયાં. અમે હાથ હલાવી બૂમ પાડી. પણ એ તો સડસડાટ આગળ વધી ગયાં.

બળબળતા તાપમાં બંને યુવાનો બેહોશ પડ્યા હતા. મને થયું, છત્રી લાવીને અમને છાંયો કરું. પણ અમારું તો ઘર બંધ થઈ ગયેલું. એમના મોઢે પાણી છાંટ્યું હોય તો? બાજુના ઘરે જઈ પાણી માંગ્યું. પણ અમને સલાહ મળી કે કાંઈ કરવું નહીં. એ જેમ પડ્યા છે તેમ જ પડ્યા રહેવા દેવા! અકસ્માત થાય ત્યારે પોલીસ આવે ત્યાં સુધી હાથ ન અડાડાય!

અમે ભાઈ-બહેન લાચાર બની ત્યાં બેસી રહ્યાં. મુન્નો તો હેતબાઈ જ ગયો હતો. બે કલાકે એમ્યુલન્સ આવી. બે જણ ઉતર્યા. યુવાનોને જોયા. પછી સફેદ ચાદર લાવીને બંને ઉપર ઓઢાડી દીધી. હું ચીસ પાડી ઊઠી- 'તેઓ મરી ગયા કે શું?'

'ચાલો, છોકરાંવ! અહીંથી દૂર થાઓ. તમારું અહીં શું કામ છે?'

હું મોટે બરાડી ઊઠી: 'મેં જ તમને ફોન કરેલો. ત્યારે તેઓ જીવતાં હતા. તમે આવતાં આટલી વાર લગાડી તેમાં તેઓ મરી ગયા.' પણ કોઈએ ધ્યાન ન આપ્યું. મુન્નો મને તાણીને ત્યાંથી દૂર લઈ ગયો. હું પોકેપોકે રડી પડી.

મારા મનને ત્યારે ભારે આઘાત લાગ્યો હતો. કેટલાય દિવસો સુધી તે ઘટના મારી નજર સામેથી ખસતી નહોતી. હું કાંઈ ન કરી શકી. તેનો જબ્બર ઘા મારા હૈયામાં પડ્યો. મારા કૂણા મનને એ સમજાતું જ નહોતું કે આવા વખતે માણસો મદદ માટે કેમ દોડી જતા નહીં હોય?

મને યાદ છે, બીજે દિવસે છાપામાં આ અકસ્માતના સમાચાર છપાયેલા. માર્યા ગયેલાઓમાં એક પોલીસ અધિકારીનો એકનો એક દીકરો હતો. ઘણાં દિવસ સુધી ત્યાં પોલીસની આવન-જાવન રહી. ઘણાની પૂછપરછ કરી, પરંતુ અમને કોઈએ કાંઈ પૂછ્યું નહીં. છોકરાંવ શું સમજે? મોટેરાઓએ જાતજાતની વાતો કરી. કેટલાંક તો તદ્દન ગપ્પાં હતા. નવાઈ લાગેલી.

એ નવાઈ હજી આજેય કાયમ છે. ઉનાળાના ખરા બપોરે ક્યારેક ને ક્યારેક આ ઘટના મારી નજર સામેથી અચૂક પસાર થાય છે, મોટા થતાં આપણે કેમ રીઢા થઈ જઈએ છીએ? નાનપણમાં આવે વખતે કશો વિચાર કર્યા વિના દોડી જઈએ છીએ. પણ મોટા થતાં કેવા વ્યવહાર-ડાહ્યા! શું ખરેખર આ ડહાપણ છે?

**(ભાલતી આપ્ટેની મરાઠી વાર્તાને આધારે, રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી, સાભાર: યજ્ઞ પ્રકાશન)**



અમર ભટ્ટ

# I choose my stage

સ્થળ-વિશ્વકોશ. તારીખ ૧૦-૦૭-૨૦૧૫, શુક્રવાર, સાંજે ૬ કલાકે. કાવ્યગાનનાં કેટલાંક સુખદ સ્મરણો છે. એમાં શિરમોર છે ભગતસાહેબનાં કાવ્યોનાં ગાનનો વિશ્વકોશમાં થયેલો આ કાર્યક્રમ. જે કાવ્ય ભગતસાહેબ વાંચે એ જ કાવ્ય હું ગાઉં. આઠેક રચનાઓ રજૂ થઈ.

ભગતસાહેબ કાવ્યગાનના વિરોધી છે એવી સામાન્ય છાપ છે ને ઘણે અંશે એ સાચી પણ હશે. એમની નજીક આવ્યો તે પહેલાં એમના કાવ્યગાનવિરોધના વિચારો જાણી નવાઈ લાગતી હતી. જે કવિ પોતાનાં અનેક કાવ્યોમાં ગાવાની ઈચ્છા વ્યક્ત કરે અને જે ટાગોરપ્રેમી હોય તે કાવ્યગાનનો વિરોધ હોય ખરો? એમ પ્રશ્ન પણ જરૂર થાય.

'મારે એક અગનગીત ગાવું';

'મેં નેણનાં નીરમાં મનનો તે માંડ ગાયો, રે આજ આષાઢ આયો';

'જાદુ એવો જાય જડી, કે ચાહી શકું બેચાર ઘડી, ને ગાઈ શકું બે ચાર કડી તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું.'

**'ગાઈ લે તારું ગાણું!**
**શૂન્ય વિજન પથે તારી પૂરવીનો સૂર માણું!'**

આવાં તો કેટલાંય ઉદાહરણ આપી શકાય! એટલે મારું મન માનવા તૈયાર નહોતું કે, ભગતસાહેબને કાવ્યગાન સામે વાંધો હશે.

ડિસેમ્બર, ૨૦૧૩માં કવિ રાજેન્દ્ર શાહના શતાબ્દીવર્ષમાં સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી કપડવંજમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભગતસાહેબની રૂબરૂમાં રાજેન્દ્ર શાહનાં ગીતો ગાવાની તક મળી. ગાતી વખતે કવિના લયને ધ્યાનમાં રાખો તો સાહેબ પ્રસન્ન થાય છે એવી છાપ મને થઈ. સાહેબ અમદાવાદ પાછા મારી સાથે આવ્યા. એ બે કલાકમાં સાહેબે રિલ્કે, સાફો, નરસિંહ, મીરાં, દયારામ, ઉમાશંકર જોશી, ન્હાનાલાલ - આ બધાની જાણે કે પ્રત્યક્ષ ઓળખાણ કરાવી! ગાન માટે શબ્દોના ઉચ્ચાર માટે (સરોવર, તરુવર, સૈયર, અમર જેવા શબ્દો) એમનું નિરીક્ષણ એવું હતું કે 'ર'ના નાદનું માધુર્ય અમે ગાયકો નથી અનુભવી શકતા. ખરેખર વિચારીએ તો આવા શબ્દોમાં અંતે આવતો 'ર' જીભનો વચ્ચેનો ભાગ તાળવે અડાડીને ગવાય છે. ભગતસાહેબે 'ર' સંભળાય તે રીતે ગાવાની રીત શીખવી - આગલો અક્ષર-એટલે કે 'સરોવર'માં 'વ' અને અમરમાં 'મ' - લંબાતો તો 'ર' સ્પષ્ટ ગાઈ શકાય.

એ પછી એચ. કે. હૉલમાં એક કાર્યક્રમમાં મેં સાહેબની હાજરીમાં સહેજ સંકોચ સાથે એમનું 'હરિવર મુજને હરિ ગયો' ગાયું. (હરિવર'માં 'ર' સાહેબે બતાવેલી રીતથી ગયેલો) સાહેબ ખરેખર ખુશ હતા. જોકે પ્રથમ અંતરામાં પોતે વાપરેલા શબ્દ 'ગીતિ'થી એ સંતુષ્ટ નહોતા. મારી ઈચ્છા એવી હતી કે અમારા આલબમ સ્વરાભિષેક-૫માં એ ગીત ગવાયેલું આવે એ પહેલાં સાહેબના અવાજમાં બે કાવ્યો- 'ચાલ, ફરીએ' અને 'હું તો બસ ફરવા આવ્યો છું' - પઠન સ્વરૂપે હોય. (ભગતસાહેબનો અવાજમાં કાવ્યપઠન સાંભળવાનો લ્હાવો ચૂકવા જેવો નથી. niranjanbhagat.in પર જરૂર જશો.) સહેજે ક્ષોભ સાથે મેં સાહેબને સ્ટુડિયોમાં આવવા અંગે પૂછ્યું અને 'હરિવર મુજને હરિ ગયો' ગેય સ્વરૂપે રેકૉર્ડ કરવાની પરવાનગી લેવાની કોઈ જ જરૂર નથી.' એમણે ગીતના પ્રથમ અંતરામાં પાઠાંતર કરેલું. મને કહે કે રેકૉર્ડ કરતાં હો તો નવા પાઠ પ્રમાણે કરજો. મારી વિનંતીથી એમણે એમના અક્ષરોમાં અંતિમ પાઠ લખી આપ્યો,

જે આલબમ સ્વરાભિષેક-૫ સાથેની પુસ્તિકામાં એમના જ અક્ષરોમાં છાપ્યો છે. પાઠ અને પાઠાન્તર અહીં મૂકું છું.

**મૂળ**

**અબુધ અંતરની હું નારી હું શું જાણું પ્રીતિ?**
**હું શું જાણું કામણગારી મુજ હૈયે છે ગીતિ?**
**એ તો મુજ કંઠે નિજ કરથી વરમાળા રે ધરી ગયો!**

**પાઠાન્તર**

**અબુધ અંતરની હું નારી હું શું જાણું પ્રીતિ?**
**હું શું જાણું કામણગારી હોય પ્રીતની રીત?**
એ તો મુજ કંઠે નિજ કરથી વરમાળા રે ધરી ગયો!

એમનું ગીત 'ચાલ, ફરીએ' એ મને ખૂબ ગમે છે. કવિ જગદીશ જોશીએ લખ્યું છે તેમ એમાં તત્વજ્ઞાનના ભાર વગરનું તત્વજ્ઞાન છે. સાચું કહું તો સ્વરાંકન માટે એનો લય ક્યાંય સુધી પકડાતો નહોતો. ભગતસાહેબનું પઠન સાંભળ્યા પછી તરત એનું સાત માત્રાનું વજન ખ્યાલમાં આવ્યું. પછી એનું સ્વરાંકન થયું. મને લાગે છે કે સ્વરાંકન કરતાં પહેલાં સ્વરકારે લયબદ્ધ પઠનનો ને ભગતસાહેબે જેવા કવિઓ દ્વારા થયેલાં કાવ્યપઠનના શ્રવણનો રિયાઝ કરવો જોઈએ.

પ્રથમ પંક્તિમાં બે જ શબ્દો છે- 'ચાલ, ફરીએ.' બીજી પંક્તિ લાંબી છે—'માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વ્હાલ ધરીએ' (આલબમ: ગીત ગગનનાં)

આ મારું પ્રિય સ્વરાંકન સાહેબને કાવ્યમુદ્રા ઍવૉર્ડ એનાયત થયો ત્યારે એમની ઇચ્છાથી માત્ર ગિટારના લયે ગાવાનો મોકો મળ્યો. (http://tahuko.com/?p=898)

બંગાળી લયમાં સાહેબે કવિમિત્ર પીનાકીન ઠાકોરને નવા વર્ષની શુભેચ્છા રૂપે પોસ્ટકાર્ડમાં મોકલેલું ગીત તે 'કાળની કેડીએ ઘડીક સંગ' (આલબમ: શબદનો અજવાસ.) આ ગીત ગાતાં હું ક્યારેય થાકતો નથી અને જેટલી વાર વાંચું, ગાઉં કે સાંભળું ત્યારે અનોખો રોમાંચ અનુભવું છું. આ ગીત અને સાહેબનાં મેં ગાયેલા કેટલાંક ગીતો અહીં માણી શકાશે—https://youtu.be/unPHcEILhBPI

છેલ્લે એમના અવસાનના દસ દિવસ પહેલાં ૨૧, જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે વિશ્વકોશમાં દલપતરામજયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં એ મળ્યા. એ દિવસે કોઈક આયોજકે વિશ્વકોશમાં થયેલાં એમનાં ગીતોમાં કાર્યક્રમ જેવો કાર્યક્રમ અન્ય જગ્યાએ કરવા અંગે એમની અનુકૂળતા જાણવા પૃચ્છા કરી. ભગતસાહેબે સ્પષ્ટ નન્નો ભણાવ્યો. આયોજકે દલીલ કરી કે વિશ્વકોશમાં તો સાહેબ કાર્યક્રમ માટે આવ્યા હતા તો અન્ય જગ્યાએ કેમ નહીં.

ભગતસાહેબના ભારપૂર્વકના શબ્દો હતા—'I choose my stage.'

આજે જ્યારે કેવળ સભારંજની જેવા કાર્યક્રમો કરવા માટે મને પુછાય છે ત્યારે એનો અસ્વીકાર કરતી વખતે ભગતસાહેબના એ શબ્દો મને યાદ આવે છે—'I choose my stage.'

**(આભાર: વિશ્વકોશ, 'વિશ્વ વિહાર')**

Swarsetu eBook availble at: www.e-shabda.com

CYGNET GROUP

ઇશબ્દ
indian-ebooks

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...

- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.




વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ








સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email: swarsetu૧૨૩@gmail.com | મો. ૯૭૮૯૦૫૨૮૮


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.............................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-.......................................................................................................................................

સરનામું :-....................................................................................................................................

.................................................................................................................................................

ટેલિફોન નંબર :-.........................................મોબાઈલ નંબર :-......................................ઈ-મેઈલ :-..........................................

ચેક/ડી.ડી નંબર :-.........................................બૅંક :-..........................................................................તારીખ :-...........................

લવાજમની રકમ રોકડથી, ચેક, બૅંક ટ્રાન્સફર, Paytm, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી.
મનીઓર્ડર ચેક કે ડ્રાફ્ટ WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.ના નામે લખવો.
સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# પદ્મભૂષણ શ્રી ધીરુભાઈ ઠાકર જન્મશતાબ્દી પરિસંવાદ




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ૧૦-૧૧ મે ના રોજ એક વિશિષ્ટ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતી વિશ્વકોશના શિલ્પી ધીરુભાઈ ઠાકરના સાહિત્યસર્જન વિશે વિદ્વાન વક્તાઓએ માહિતીસભર સુંદર વ્યાખ્યાનો આપ્યા હતા. સમારંભના ઉદઘાટનમાં પ્રસિદ્ધ શિક્ષણવિદ દાઉદભાઈ ઘાંચી ઉપસ્થિત રહ્યા હતા. તો બીજરૂપ વક્તવ્ય ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ ચંદ્રકાન્ત શેઠે આપ્યું અને અધ્યક્ષીય ઉદ્‌બોધન જાણીતા નવલકથાકાર, વાર્તાકાર ધીરુબહેન પટેલે કર્યું હતું. ધીરુભાઈ ઠાકરનું મણિલાલ નભુભાઈ વિશેનું કાર્ય વિશે બળવંત જાનીએ, તો સંપાદક ધીરુભાઈ ઠાકર વિશે પ્રફુલ્લ રાવલે વાત કરી હતી. આ બેઠકના અધ્યક્ષ તરીકે એમના જ વિદ્યાર્થી ડૉ. પ્રવીણ દરજી ઉપસ્થિત હતા. જ્યારે ધીરુભાઈ ઠાકરના નિબંધ સાહિત્ય વિશે કિશોરસિંહ સોલંકી અને ચરિત્રકાર ધીરુભાઈ ઠાકર વિશે અજયસિંહ ચૌહાણે વાત કરી. આ બેઠકના અધ્યક્ષપદે ડૉ. મણિલાલ હ. પટેલ હતા.

સૂચિનું બહુ મોટું કાર્ય ધીરુભાઈ ઠાકરે કર્યું છે એના વિશે જાણીતા ગ્રંથપાલ મણિભાઈ પ્રજાપતિએ વાત કરી અને ધીરુભાઈ ઠાકરે ગુજરાતી સાહિત્યનો જે ઇતિહાસ લખ્યો છે જેની બાર આવૃત્તિઓ થઈ છે તેના વિશે શ્રી અજય રાવળે વિગતે વાત કરી. આ બેઠકના અધ્યક્ષ તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ હતા. જનક દવે અને અર્ચન ત્રિવેદીએ ધીરુભાઈ ઠાકરના સાહિત્યમાંથી થોડું ગદ્યપઠન કર્યું અને આભારવિધિ નિસર્ગ આહીરે કરી હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં વિનોદ જોશીનો ઉમદા સહયોગ મળ્યો હતો. સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# સંસ્કૃત વૈભવ દર્શનમના વિવિધ નૃત્ય પ્રસ્તુતિ



ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી અને અમદાવાદ સ્થિત અભિનવ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૭ જૂનના રોજ એચ. કે. સભાગૃહમાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત વિદ્વાનોના સન્માન અને સંસ્કૃત ભાષા ઉપર આધારિત વિવિધ કૃતિઓની રજૂઆત દ્વારા ભાષાના ગૌરવને પ્રસ્થાપિત કરવાનો સફળ પ્રયોગ સંસ્કૃત વૈભવ દર્શનમના માધ્યમથી કરવામાં આવ્યો હતો.

ઐશ્વર્યા વારિયર અને વૃંદ (વડોદરા, નૃત્યોદય) દ્વારા ગણેશ સ્તુતિ અને આદિ શંકરાચાર્ય વિરચિત 'શિવપંચાક્ષરસ્તોત્રમ્'ની પ્રસ્તતિ મોહિનીઅટ્ટમ્ નૃત્ય શૈલી અને કેરળ સોપાન સંગીત પર કરવામાં આવી હતી.

શ્રીધર વ્યાસ અને અર્ચન ત્રિવેદી દ્વારા દિગ્દર્શિત મહાકવિ કાલિદાસના પ્રથમ નાટ્ય 'માલવિકાગ્નિમિત્રમ્'ના તૃતીય અંકની પ્રસ્તુતિમાં આહાર્યાભિનય, વિદુષક તરીકે નિર્મલ અને બકુલાવલીની ભૂમિકામાં જિગીષા ત્રિવેદી નોંધનીય રહ્યાં.

કાર્યક્રમના અંતિમ ચરણમાં કાલિદાસ વિરચિત 'કુમારસંભવમ્'ના પાંચમા અને છઠ્ઠા સર્ગમાંથી ચૂંટાયેલ શ્લોકોની નૃત્ય પ્રસ્તુતિ અમદાવાદ જાણીતી નૃત્યસંસ્થા 'રસધ્વનિ' સંસ્થા દ્વારા કરવામાં આવી. રાગમાલિકાને આધારે પ્રહર વોરાની સંગીત રચના, પ્રહર વોરા, કલ્યાણી કૌઠાળકર અને સંપદા વોરાની ગાયકી, પાર્થ રાવલનું મનોરમ્ય પ્રકાશ આયોજન અને બેક ડ્રોપ ઇફેક્ટ, શુદ્ધ નર્તન પ્રયોગમાં જયન નાયરનું સંગીત અને ભરતનાટ્યમ્ તથા કથક નૃત્ય શૈલીના સંયુક્ત માધ્યમથી સમગ્ર નૃત્ય કૃતિ દશ્ય-શ્રાવ્ય અને કાવ્યના અદ્‌ભૂત સંગમથી ઉપસી આવી હતી. ઉમા અનંતાણીની પરિકલ્પના અને કોરિઓગ્રાફી, શિવાંગી વિક્રમ (પાર્વતી), કલરવ દવે (શિવ) અને અન્ય ચાર નૃત્યાંગનાઓ સાથેની પ્રસ્તુતિએ ભાવકોને જકડી રાખ્યા. શિવની સૌમ્ય છતાં સક્રીય પાત્રતા, પાર્વતીના વિપ્રલંભ અને સંભોગ શ્રૃંગાર અનુરૂપ ભાવો અને સમગ્ર કૃતિનું નૃત્ય સંયોજન પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી ગયાં.

**(સૌજન્ય: પ્રા. એસ. ડી. દેસાઈના ફૂલ લેન્થ રિવ્યુ, creativeyatra.com)**

# ‘ઈદમ્ વિનોદમ્’ શીર્ષક હેઠળ વિનોદ ભટ્ટની સ્મૃતિમાં હાસ્યવંદના અને સ્મૃતિવંદના કાર્યક્રમ યોજાયો






ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા તારીખ ૧૫મી જૂનના રોજ અમદાવાદના જે. બી. ઑડિટોરિયમ ખાતે ‘ઈદમ્ વિનોદમ્’ શીર્ષક હેઠળ વિનોદ ભટ્ટના ત્રણ પુસ્તકો ‘ઈદમ્ ચરિત્રમ્’, ‘મારું વહાલું અમદાવાદ’ તેમજ ‘અને હવે ઇતિ-હાસ’નો લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમનો પ્રારંભ જાણીતા સંગીતકાર-ગાયક કલાકાર શ્યામલ-સૌમિલ મુનશીએ ‘અમદાવાદના રસ્તા પર એવું થાય...’ એ ગીતથી હાસ્ય-વંદના કરી. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઈ શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. વિનોદ ભટ્ટ સાથેના સુમધુર સંસ્મરણોની વાત કવિ માધવ રામાનુજ, કવિ ભાગ્યેશ જહા, પત્રકાર અજય ઉમટ અને કૃષ્ણકાંત ઉનડકટે કરી. લોકાર્પણ થયેલ પુસ્તકો વિશે હાસ્યલેખક રતિલાલ બોરીસાગર અને ઉર્વીશ કોઠારીએ વિગતે વાત કરી. વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટે આભારવિધિ કરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ રઈશ મનીઆરે કર્યું.

આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



વિનોદ જોશી

# આદર અને અહોભાવનો સમન્વય



સૈયર, હું રે છુટ્ટું ચૂરમું
સાહ્યબો પાંચે પકવાન...

ફળીએ ફરુકે ઝામણ ઝીંઝવો
ઝીંઝવો ઊંચો અગનાશ,
દૂધમલિયા ડાયરાઓ ડેલીએ
ઓરડામાં આછો બોલાશ;

સૈયર, હું રે દિવેટ જેવી પાતળી
ને અજવાળું પોયણીને પાન...

છાતીમાં ગૂંથું છેલ ચાકળો
ચોટલે ગૂંથું ચતુરાઈ,
આંગળીએ ગૂંથું કૈં ઓરતા
પીર પરકંબે મૂકું અધિરાઈ;

સૈયર, કળશી કમોદ ખાંડું ખંતથી,
ખડકલો ખાંડું અરમાન...

— મનહર જાની

પતિ-પત્નીનાં સખ્ય જેટલી નિકટતા અન્ય કોઈ સંબંધમાં હોતી નથી. આ એક પવિત્ર એવો સંબંધ છે અને તેની પવિત્રતા બીજા કોઈ સંબંધોથી કદી અભડાતી નથી. દામ્પત્યની આ મધુરતામાં જીભનો અને જીવનનો એમ બેવડો સ્વાદ ભર્યો હોય છે.

આ કાવ્યમાં પોતાના સાહ્યબા વિશે સૈયર પાસે હૈયું ખોલતી કાવ્યનાયિકા ઉન્માદના અને આદરના એમ બન્ને ભાવથી જાણે ઢળી પડે છે. એક તરફ મનમાં પોતાની સાથે એની તુલના ચાલે છે તો બીજી તરફ તેનામાં પોતે ઓતપ્રોત હોવાનો ભાવ જાગે છે. પોતે શું છે તે વિચારતાં એ કહે છે કે, 'હું રે ચપટીક છુટ્ટુ ચૂરમું' હજી જેનો પિંડ બંધાયો નથી તેવી અપક્વ, વેરવિખેર, અણસમજુ અને સાહ્યબો? સાહ્યબો પાંચેય પકવાન. એ તો સુબદ્ધ, ઘાટ ઘડાયેલો હોય તેવો. એટલું જ નહીં, સર્વ રીતે સભર. પાંચે પકવાન જેવો એમ

કહ્યા પછી તો તેનામાં શી ખામી હોય? વળી પોતે તો ચપટીક જેટલી જ છે અને સામે પક્ષે આંકડો મોટો છે. સાહ્યબા વિશેના અહોભાવથી છલકાતી નાયિકા પોતાની લઘુતાને બહાને પોતાના પિયુને ગૌરવ આપે છે તે વાત બહુ નિરાળી છે. સાચા સખ્યનું તો તેમાં પ્રાગટ્ય છે જ પણ સાહ્યબાને મોટો કરી દેખાડવાનો અભરખો પણ તેમાં છે.

ચાકળો એ કંઈ દિવાલ પર ટાંગી દેવાની વસ્તુ માત્ર છે તેવું નથી. એને ગૂંથતી વખતે, એનો દરેક ટાંકો લેતી વખતે સમાંતરે હૈયામાં કશુંક બીજુ પણ ગૂંથાતું હોય છે તેની એને ખબર છે. એ ગૂંથણી તો ભોળાભાવે જ થઈ જાય છે, પણ ચોટલો ગૂંથતી વખતે જાણે ચતુરાઈપૂર્વકના ખેલ એ નાખે છે. આ ચતુરાઈ એ કંઈ કોઈને છેતરવાનો મામલો નથી. એ તો સાહ્યબાના સહવાસની અભિલાષાને ચોટલામાં કસીને બાંધી દેવાનો પ્રેમાળ નુસખો છે.

પરણીને સાસરે આવ્યાનો પ્રસંગ માત્ર શરણાઈના સૂરમાં કે પકવાનના સ્વાદમાં સીમિત નથી. હકીકત તો એ છે કે હવે કશું સીમિત નથી. ફળિયામાં ઊગેલું ઝીંઝવાનું ઘાસ ફરકતાં ફરકતાં જાણે ગણી ન શકાય એટલી ઊંચાઈને આંબી જાય છે. આવી અસીમિત ભાવસૃષ્ટિ રચાઈ ગયા પછી તો પૂછવાનું જ શું હોય? આ ફરકાટ કેવળ ઘાસનો જ હોય તેવું શા માટે? એ તો રોમેરોમ ફરકતી મિલનોત્સુકતાનો પડઘો પણ હોઈ શકે અને એ ઉત્સુકતા અમાપ બનીને વિલસવા લાગે ત્યારે સાયુજયની પળોમાં બોલાશ આછેરી થઈ જાય. બહાર ભલે ડાયરાઓ હાકોટા કરે, અંદરના ઓરડે તો આછેરા શ્વાસનું ધ્વનિસંગીત જ રેલાતું રહે.

પોતાને દિવેટ જેવી પાતળી કહી કાવ્યનાયિકા પોતાનું કમનીય રૂપ તો લાક્ષણિક રીતે ચીંધી દે છે પણ તે સાથે જ અજવાળું પ્રગટાવવાનું પોતાનું દાયિત્વ પણ યાદ કરી લે છે. એ અજવાળું દઝાડે તેવું નથી. એ પોયણીને પાન ખિલ્યું છે. એ પ્રકાશે છે તેટલું જ સુગંધ પણ આપે છે. અનન્ય એવા પોતાને વિશેની ઉપમા થકી કાવ્યનાયિકા જાણે તેના નવવધૂના સૌંદર્યનું ચિત્રણ કરે છે. દિવેટ અને અજવાળાના સંકેતોથી પોતાની અને પોતાના પ્રિયજનની અભિન્નતાનો ખ્યાલ આપે છે.

જેને પ્રાપ્ત કરીને પોતે હરખઘેલી થઈ ગઈ છે, જેના સાયુજયમાં પોતાનો એક એક શ્વાસ જાણે ચાકળો—ચંદરવો બની ગયો છે તે સાહ્યબાની એકેએક ધબકારે કાવ્યનાયિકા પ્રતીતિ કરે છે. ચાકળો એ કંઈ દીવાલ પર ટાંગી દેવાની વસ્તુ માત્ર છે તેવું નથી. એને ગૂંથતી વખતે, એનો દરેક ટાંકો લેતી વખતે સમાંતરે હૈયામાં કશુંક બીજુ પણ ગૂંથાતું હોય છે તેની એને ખબર છે. એ ગૂંથણી તો ભોળાભાવે જ થઈ જાય છે, પણ ચોટલો ગૂંથતી વખતે જાણે ચતુરાઈપૂર્વકના ખેલ એ નાખે છે. આ ચતુરાઈ એ કંઈ કોઈને છેતરવાનો મામલો નથી. એ તો સાહ્યબાના સહવાસની અભિલાષાને ચોટલામાં કસીને બાંધી દેવાનો પ્રેમાળ નુસખો છે. ચાકળાના રંગો જેવા ધબકારે અને ચોટલાનાં વળમાં આવનજાવન કરતી પિયુજીની પ્રતીક્ષા કાવ્યનાયિકાને અધીરી બનાવી મૂકે છે. આંગળીએ જ ઓરતા ગુંથાવા લાગે છે. સ્પર્શના ઉભરા આવવા લાગે છે. હૈયું પરિક્રમા કરવા લાગે છે અને અધિરાઈને ઢાલવી દે છે.

હવે, ઇચ્છામાં જે હતું તે સાંપડયાની પ્રતીતિ થાય છે. કલ્પનામાં હતું તે સન્મુખ થાય છે. એક કળશી, અર્થાત્ વીસ

મણ કમોદ ખાંડવામાં પણ કાવ્યનાયિકાને હવે વાંધો નથી. ખંતથી હવે આ કામ કરી રહી છે. કારણ કે સાથોસાથ એની ઈચ્છાઓ પણ એમાં ભળેલી છે, અને એટલે સૈયર પાસે પોતાની અધિરાઈ ફળ્યાની વાત કરવી એને ગમે છે.

પણ પ્રશ્ન થાય છે કે શું ખરેખર મિલનનો આ સંજોગ આવ્યો છે ખરો? કે પછી કાવ્યનાયિકા અધીર બનીને કળશી કમોદ જેવી જીવતરમાં ઈચ્છાઓ ઓરતી જાય અને ખાંડતી જાય તેવી સ્થિતિ જ છેવટે રહી છે?

ગમે તે હોય. કવિએ તો અહીં કાવ્યનાયિકા ભાવસ્થિતિનો અત્યંત કાવ્યાત્મક કહેવાય તેવો ઉન્મેષ પ્રગટાવી આપ્યો છે. લોકલઢણોમાં વપરાઈને રૂઢ બનેલા શબ્દપ્રયોગો અને કલ્પનોરૂપે તેમની સંગતિ અહીં પ્રભાવક કાવ્યસૌંદર્ય નીપજાવે છે. એટલે સુધી કે અરમાન જેવો ફારસી ભાષાનો શબ્દ પણ અહીં અનાયાસસિદ્ધ થયેલો લાગે છે.

ગીતના કાવ્યસ્વરૂપમાં ઊર્મિતત્ત્વનું પ્રાધાન્ય હોય છે. અહીં એ સુપેરે છે પણ વિશેષતા એ છે કે ઊર્મિતત્ત્વને વ્યક્ત કરતી ભાષા અત્યંત ભાવપ્રવણ અને લગીરે નડતરરૂપ ન બને તેવી છે. અજાણ્યા શબ્દપ્રયોગો પણ અહીં ભાવ અને લયમાં તણાતા આવે છે અને કાવ્યના સૌંદર્યને ક્યાંય અળપાવા દેતા નથી. કાવ્યનાં અર્થઘટનો તો અનેક રીતે થાય પણ તેનું સૌંદર્ય એક અખિલાઈને અનુભવ આપનારું હોય છે. અહીં તેવો અનુભવ થાય છે અને તેથી જ શુદ્ધ ગીત લેખે આ કાવ્યનો મહિમા થઈ શકે તેમ છે.



# સાંભળેલો શબ્દ, હૃદયમાં કોતરાઈ ગયેલી કોઈક કવિતા, કાનને 'હોવાનો ઉત્સવ' : ગીતમંજૂષા






'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું' ઉક્તિને યાદ રાખી 'સ્વરસેતુ'ના નવા વર્ષનો પહેલો કાર્યક્રમ તારીખ ૮મી જૂનના રોજ 'ગીતમંજૂષા' શીર્ષક અંતર્ગત અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં યોજવામાં આવ્યો હતો. 'સ્વરસેતુ'ના પ્રારંભથી જ જોડાયેલાં શ્રોતાઓએ આ સ્મરણયાત્રાને મનભરીને માણી હતી અને નવા જોડાયેલાં સભ્યમિત્રોએ એનો રસાનંદ મેળવ્યો હતો.

સાંભળેલો શબ્દ, હૃદયમાં કોતરાઈ ગયેલી કોઈક કવિતા, કાનને 'હોવાનો ઉત્સવ' બનાવી દેતા સ્વરસ્પંદનો, ક્યારેક સ્મૃતિપટ પર અંકિત થઈ આવે છે ત્યારે મન-હૃદયના તાર રણઝણી ઊઠે છે. 'સ્વરસેતુ'ની છેલ્લાં ૧૯ વર્ષની આ દીર્ઘ યાત્રા દરમિયાન જે જુદા-જુદા નાવીન્યસભર વિષયોને સ્પર્શવાનું થયું અને તે અંતર્ગત જે કાંઈ ગીત રૂપે, કવિતા રૂપે અને સ્વરાંકન દ્વારા સર્જાયું તેમાંથી કેટલુંક આ કાર્યક્રમ દ્વારા પ્રસ્તુત થઈ શક્યું.





અગાઉ રજૂ થયેલ કાર્યક્રમ, તેની પરિકલ્પના તથા તે કૃતિ અંગેની વાત સૌમિલ મુનશીએ કરી અને આરતી મુનશી તેમજ શ્યામલ-સૌમિલ દ્વારા તેનું ગાન કરવામાં આવ્યું. 'સ્વરસેતુ'ના કાર્યક્રમ માટે જ લખાયેલાં, સ્વરબદ્ધ થયેલાં અને પ્રથમવાર જ ગવાયેલા કેટલાંક ગીતો જેવાં કે, 'સઘળાં આતમના ઓજાર', 'હું હવે મોટી થઈ છું', 'સુખને નાની ક્ષણમાં જીવો', 'તને ગીત દઉં કે ગુલાબ' અને 'મને ગીત ગમે ના ગુલાબ' વગેરેની રજૂઆત થતાં જ જે-તે કાર્યક્રમોની અગાઉની પ્રસ્તુતિ દરમિયાન ઊભાં થયેલાં ભાવવિશ્વમાં સૌ કોઈ સરી પડ્યા હતા.

કાર્યક્રમ માટે વાદ્ય વૃંદમાં મનીષી રાવલ, લવ કંસારા, મનીષ કંસારા, અર્ચન કવિશ્વર, મહેશ પરમાર, કંદર્પ કવિશ્વર અને ઋજુલ શાહનો સહકાર સાંપડ્યો હતો. રંગમંચ સજાવટ સુભાષ ભટ્ટ અને અર્ચિત ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. મંથન ભટ્ટ દ્વારા ધ્વનિ આયોજન અને હેરી ઉપાધ્યાયે પ્રકાશ આયોજન સાંભળ્યું હતું. જ્યારે બેકસ્ટેજ વ્યવસ્થા હાર્દિક જોશી, જિગીષા જાની, ગોપાલ પઢિયાર, માલવ દિવેટીઆ, કૌશલ ચૌહાણ, શેતલ ભટ્ટ, બંકિમ મહેતા, દીક્ષિત શાહ અને રૂપેન સરૈયાએ સંભાળી હતી.

'સ્વરસેતુ અને શ્યામલ-સૌમિલ દ્વારા માતૃભાષાના વર્ધન-સંવર્ધન અને જતનકાર્ય માટે આ વર્ષે પારોમા જ્વેલર્સ તથા ફ્યુચર સોલ્યુશન્સનું સૌજન્ય પ્રાપ્ત થયું તે માટે સૌમિલ મુનશીએ તેમનો ઉમળકો વ્યક્ત કર્યો હતો. ગુજરાત રાજ્ય સંગીત, નાટક અકાદમીનો આર્થિક સહયોગ આ રજૂઆતને સાંપડ્યો હતો અને તે માટે અધ્યક્ષ શ્રી પંકજ ભટ્ટ અને સભ્યસચિવ શ્રી જે. એન. ભટ્ટનો પણ આભાર માનવામાં આવ્યો હતો.



# જાણીતા સ્વરકાર ક્ષેમુ દીવેટીઆને નગરના કલાકારોની નૃત્યાંજલિ






ગરબો ગુજરાતની ઓળખ છે. ગરબો ગવાય, ગરબે ઘૂમાય. એટલે એ નૃત્ય પણ છે અને ગીત સંગીત પણ છે. શેરીમાંથી મંચ પર આવતા એની ઓળખને નવું પરિમાણ મળ્યું ગીત-સંગીત અને નૃત્યગૂંથણીનું. અને એ દિશામાં મહત્વનું યોગદાન આપ્યું ક્ષેમુ દિવેટીઆએ. એમણે નૃત્યસંસ્થાના કલ્પનાશીલ નૃત્યગુરુઓ માટે ગરબાના સ્વરાંકનના અવનવા પ્રયોગો કર્યા. તારીખ ૧૭મી જૂનના રોજ અમદાવાદના ટાગોર હૉલ ખાતે તેમના આ પ્રદાનને યાદ કરતાં અવંતી ફાઉન્ડેશન અને આવિષ્કાર સંસ્થા દ્વારા રુદિયાના રાજા સ્વરકાર ક્ષેમુ દિવેટીઆને નૃત્યાંજલિ અર્પણ કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એમાં નગરની સુખ્યાત ગરબા કલાસંસ્થાઓ નિયતિ, આવિષ્કાર, સાન્નિધ્ય,

ગુંજન, વેણુનાદ અને મોરલી સહભાગી બની હતી. જેમણે ક્ષેમુભાઈના સુપ્રસિદ્ધ અને જાણીતા ગરબાઓની કલાત્મક નૃત્યપ્રસ્તુતિ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મંજુબહેન મહેતા, સ્મિતા શાસ્ત્રી, રૂપા મહેતા, વરુણ માયરા, મૌલિક શાહ, ઈશીરા પરીખ, નયન પંચોલી, નયનેશ જાની, ગૌરાંગ વ્યાસ, સૌમિલ મુનશી, આરતી મુનશી, વિભા દેસાઈ, માલિની પંડિત નાયકની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

જાણીતા કવિ અને સંચાલક તુષાર શુક્લ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન કલ્પેશ દલાલ અને આવિષ્કાર સંસ્થા દ્વારા સંપન્ન થયું હતું.






# અમદાવાદમાં ટહુક્યો 'Kid's કલરવ', બાળકોએ ગુજરાતી બાળગીતો સાથે સાધ્યો તંતુ




અમદાવાદમાં વર્ષાઋતુનું આગમન થઈ ચૂક્યું છે. પરંતુ હવામાં હજુ બફારો વર્તાય છે, ત્યારે શહેરના લોકોને ઠંડક આપે તેવો એક તાજગીસભર બાળ કાર્યક્રમ તારીખ ૧૫ જૂનના રોજ અમદાવાદ ખાતે આવેલા લાયન્સ હૉલમાં યોજાયો હતો. અવસર પરિવાર દ્વારા આયોજિત 'કિડ્સ કલરવ'માં ૫ વર્ષથી માંડીને ૧૫ વર્ષની વયનાં બાળકોએ ગુજરાતી ભાષાના ૮ રમતિયાળ ગીતો રજૂ કરીને શ્રોતાઓને તેમનું બાળપણ યાદ કરાવી દીધું હતું.

આ બાળગીતોમાં ગુજરાતના જાણીતા સ્વરકાર બંધુઓ શ્યામલ-સૌમિલ મુનશીના બાળગીતોના સંપુટ 'મેઘધનુષ'ની કેટલીક રચનાઓ, સ્વરકાર પરેશ ભટ્ટનાં સ્વરાંકનો અને અવસરના જ ફાઉન્ડર મેમ્બર કાંક્ષિત મુનશીની એક રચના અને સ્વરાંકન રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ ગીતો બાળકોએ કોરસમાં ગાયાં હતાં. પરફેક્ટ કો-ઓર્ડિનેશન અને સૂર-તાલ-લયને જાળવીને બાળકોએ એવી જબરદસ્ત રજૂઆત કરી કે એકેએક ગીત પર ઓડિયન્સ પોકારી ઊઠ્યું, 'વન્સ મોર'!



બાળકો મોટાભાગે હવે ઇંગ્લિશ મીડિયમમાં ભણતા હોય છે એટલે ઇંગ્લિશ Rhymes ગાતા શીખે છે. વધુમાં ફિલ્મી ગીતો પ્રત્યે તેમનો ઝુકાવ વધુ હોય છે. ત્યારે પોતાની ભાષાનાં ગીતો પણ બાળકો ગાતા થાય અને ગુજરાતી બાળ-સાહિત્ય તેમના સુધી પહોંચે તે ઉદ્દેશથી અવસર પરિવારે આ કાર્યક્રમ યોજ્યો હતો. અવસર ફાઉન્ડેશનના કાંક્ષિત મુનશીનું કહેવું છે કે, બાળક 'ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર' ગાતું હોય ત્યારે તે 'હું ને ચંદુ છાનામાના' ગાતું થાય, તેવાં પ્રયત્નો થવા જ જોઈએ.


આ માટે શહેરનાં ૧૫ સુરીલાં બાળકોને પસંદ કરવામાં આવ્યા અને છેલ્લાં ૫ મહિના દરમિયાન સંગીત શિક્ષક જ્યોત ઠક્કર અને અવસર પરિવારના સભ્ય ધ્રુવા જેટલીના માર્ગદર્શન હેઠળ તેમને ૮ મસ્તીભર્યા બાળગીતોની તાલીમ આપવામાં આવી. કવિ રમેશ પારેખથી લઈને રઇશ મનીઆરની રચનાઓ રજૂ કરીને બાળકોએ શ્રોતાઓને ડોલાવી દીધા હતા. સાથે અવસર પરિવારના સભ્ય ભૂષણ મહેતાના હળવાફૂલ એન્કરિંગથી કાર્યક્રમ વધુ મસ્તીસભર બન્યો હતો. કાર્યક્રમના અંતે અવસરના તમામ મિત્રોએ પ્રખ્યાત ગુજરાતી ગરબો 'રંગલો' ગાઈને લોકોને ગરબે ઘૂમવા મજબૂર કરી દીધા. અવસરના મિત્રો આગામી સમયમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરશે ને ગુજરાતી ગીતોથી શ્રોતાઓને રસતરબોળ કરશે.





તુષાર શુક્લ

# જૂની રંગભૂમિ



જૂની ગુજરાતી રંગભૂમિ આપણા વર્તમાન ગુજરાતી સુગમસંગીતની પ્રારંભની પગલીઓથી શોભી છે. રાજદરબારના સંગીતરત્નો અને 'ગાવાવાળી બાઈઓ' તરીકે મશહૂર ગાયિકાઓએ અહીં ગીતકારો સાથે મળીને નાટકના પ્રેક્ષકોને વન્સમૉર આપવા વિવશ કર્યાના અનેક ઉદાહરણો છે. શુદ્ધ શાસ્ત્રીયસંગીતના આરાધકોએ અહીં નાટકના મંચ પરથી જીવંત રજૂઆતોને અનુરૂપ સ્વર લહેરાવ્યો છે. વન્સમૉર વખતે, 'વિંગ'માં ઊભેલા કવિઓએ નવી જ પંક્તિઓ લખી છે અને અભિનેતા-ગાયકોએ એ લલકારી છે. આ સમયગાળો 'સુગમસંગીત'ની ઓળખ માટે સવિશેષ અભ્યાસ માગે તેવો છે. શાસ્ત્રીયસંગીતની કડક તાલીમની આગ્રહી આ રંગભૂમિના સ્તુતિ અથવા પ્રશસ્તિરૂપે કલ્યાણ રાગમાં એ રજૂ થતાં. ૧૮૭૦માં કે. ખુસરુ કાબરાજીએ ગીત-સંગીતને ઉત્તેજન મળે તે હેતુથી 'ગાયન ઉત્તેજન મંડળ' સ્થાપ્યું. ૧૮૭૦માં નાટક 'કામસેનરસિકા'માં દામોદર રતનસિંહ સોમાણીએ એક ગુજરાતી ગઝલ રજૂ કર્યાની નોંધ મળે છે. રંગભૂમિ પર હાર્મોનિયમ પ્રવેશ્યું ૧૮૭૨માં.

સંગીતના સથવારે વહેતાં ગીતોનો ભવ્ય ભૂતકાળ વિગતે ન તપાસીએ તો પણ કેટલાંક રસપ્રદ ઉલ્લેખો તો જોવા ગમશે જ. ૧૮૮૬માં મહાકવિ નર્મદનું પાંચ અંકનું નાટક આવેલું: 'બાલકૃષ્ણ વિજય'. એમાં રાસલીલાનો પ્રયોગ થયો અને વ્રજ તથા મારવાડના સંગીતનો સાથ લેવાયો. ૧૮૮૯માં કેશવલાલ શિવરામે સંગીતિકા સ્વરૂપ નાટક આપ્યું. 'સંગીત લીલાવતી'. ગુજરાતી સંગીત તરીકે ઓળખ દ્રઢ કરાવનાર ગરબા મંચ પર આવ્યા ૧૮૯૬માં- વાઘજી આશારામ ઓઝા કૃત: 'ત્રિવિક્રમ' નાટક: ચંદ્રહાસનો ગરબો 'વટસાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ' ઘેર ઘેર ગવાતો. તો ૧૮૯૫માં અશ્રુમતી અને ૧૮૯૯માં 'વીણાવેલી'ની આ પ્રકારની રચનાઓએ પણ અપાર લોકપ્રિયતા મેળવી. કવિતા અને સંગીતના સુંદર મેળ સમું આ એક ઉદાહરણ બસ થશે:

**ઊગ્યો સખી, સૃષ્ટિનો શૃંગાર હાર,**
**ચાલ, ચાલ, જોવાને ચંદ્રમા.**

૧૯૦૫માં નાટક: 'નરસિંહ મહેતા'માં નાથુરામ સુંદરજીએ ૪૮ પંક્તિનો રાસ કેદાર, કાનડો, મલ્હાર જેવા રાગની સહાયમાં રજૂ કર્યો, તો માત્ર ૧૬ વર્ષની વયે પંડિત વાડીલાલ શિવરામે મૂળશંકર મૂલાણીના નાટક 'અજબ કુમારી'માં રાગ-રાગિણી પર નિબદ્ધ ૩૬ ગીતોનો રસથાળ પીરસ્યો. ૧૯૪૪માં મા. મોહન જુનિયરે સૌપ્રથમ વાર ક્લેરીઓનેટ, વાંસળી જેવાં ૧૨ વાદ્યોનો ઉપયોગ કરીને ગીતોની જીવંત રજૂઆત કરી. વર્તમાન સુગમસંગીતની ઓળખ સિદ્ધ કરવાનો યશ મા. મોહન જુનિયરને ફાળે જાય છે. જાણીતા કલાકાર રામપ્યારીજી તે મા. જુનિયરના ધર્મપત્ની.

જૂની ગુજરાતી રંગભૂમિનો સમય એટલે ગુજરાતી ગીત-સંગીતનો સુવર્ણયુગ. એ સમયના ભાવકો આ રજૂઆતથી કેટલા મુગ્ધ હતા એનું દ્રષ્ટાંત. નાટકનું નામ: વિક્રમચરિત: (૧૯૦૧) ગીત: મૂળશંકર મૂલાણી:

આ નાટકમાં એક ગીત હતું: 'કોઈ દૂધ લ્યો દિલરંગી'.

આ રચનાની લોકપ્રિયતા જોઇને એક મિલે, પોતે બજારમાં મૂકેલા ધોતિયાની કિનાર પર આ પંક્તિ છપાયેલી. કોઈ ગીતને મળેલી આ એક વિશિષ્ટ (અને વિચિત્ર) દાદ હતી. ૧૯૭૯-૮૦માં ભાંગવાડી ભાંગ્યું ત્યાં સુધી જૂની રંગભૂમિ પરથી વહેતાં થયેલાં અંદાજે દસેક હજાર ગીતો પૈકીના કેટલાંય ગીતો એટલા લોકપ્રિય બન્યાં હતાં કે પ્રેક્ષકો સાથોસાથ ગાતા. આ ક્ષેત્રના અભ્યાસી સ્વ. જિતુભાઈ પ્ર. મહેતાએ એનું કારણ સ્પષ્ટ કરતાં મુ. વિનાયકભાઈ દ્વિવેદી સંપાદિત 'મીઠાં સંભારણાં' પુસ્તકમાં લખ્યું છે:

'...સંગીતકારોએ ગીતોને બંદીશોમાં બહેલાવ્યાં, એમાં રાગોનું અંગ ભળે પણ રાગના શાસ્ત્રને બદલે 'ગુજરાતીપણું' ભળે એની ચીવટ સ્વરકારોએ રાખી હતી...'

આ ગીતોની મીઠપ વિશે આ જ પુસ્તકમાં ડૉ. સુરેશ દલાલ નોંધે છે: 'ગીતની સફળતાનો આધાર એના ઉઘાડ પંક્તિ પર છે. ઉઘાડ જ એવો હોય કે એ સાંભળતાંની સાથે તમારા કાનમાં આપમેળે જાણે કે કાયમ માટે પ્રવેશી જાય અને એના શબ્દો હોઠ પર ગુંજનનું સ્થાન લઈ લે. 'Their words and music are painted on our lips!'

આ બંને વિદ્વાનોના આ અનુભવસિદ્ધ અવલોકનમાંથી જ આપોઆપ જ સુગમસંગીતની વ્યાખ્યા પ્રગટે છે. ગુજરાતીપણાથી શોભતું સ્વરાંકન અને આપમેળે કાન પરથી હોઠ પર ગુંજનનું સ્થાન લેતા શબ્દનો આ સમન્વય જૂની ગુજરાતી રંગભૂમિ પર જોવા મળ્યો અને ત્યાંથી એ આવ્યો નવા જમાનાના સમૂહ માધ્યમ સિનેમામાં. ગુજરાતી ચિત્રપટનો આરંભ થયો ૧૯૩૨માં. પહેલી ફિલ્મ પણ યોગાનુયોગ આપણા પ્રથમ composer poet નરસિંહ મહેતા પર બની.

ગુજરાતી રંગભૂમિમાં ગીત-સંગીતનો મહિમા હતો. વર્તમાનકાળમાં એ મહિમા તરફથી ભાવકોનું પાછું ધ્યાન ખેંચાયું છે એ સમયના કલાકારોનું સન્માન થાય તથા નવી પેઢીના ગાયક-ગાયિકા એ જૂના ગીતોને યથાસંભવ વફાદારી સાથે રજૂ કરવા પ્રયત્ન કરે, વન્સમૉર પડે એના સાક્ષી થવાનું થાય ત્યારે મન હરખાઈ જાય. કવિતા અને સંગીત સાથેની દોસ્તીને કારણે ક્યારેક ભાવુક પણ થઈ જવાય પણ એની મને શરમ નહીં, ગૌરવ.

જૂની રંગભૂમિના પ્રયોગો નિહાળવાની તક તો મને નથી મળી. પણ ગ્રામોફોન રેકોર્ડ પર આ ગીતો સાંભળ્યા ત્યારથી મુગ્ધ થઈ જવાયું. પછી એમાં થોડું દુર સુધી જોવા સહેજે અમથી બારી જ ઉઘાડી અને ધન્ય ધન્ય થઈ ગયો. શું વૈભવ છે! શું માધુર્ય છે! ને વિષય વૈવિધ્ય પણ કેવું? આદરણીય વિનયકાન્તભાઈ દ્વિવેદીએ સંપાદિત કરેલું અદભુત પુસ્તક-સંદર્ભગ્રંથ 'મીઠા ઉજાગરા' એ આ કામણને ઓર ઘૂંટ્યું. અને નશો બે-હદ બની રહ્યો... એમાંથી સ્વસ્થ થવાનું જ ન ગમે અને તટસ્થ તો અહીં મર્યાદામાં ગણાય. એટલે જ વહી

જાતાં જે માણ્યું એની એક ઝલક અમથી આ કાગળ પર-



નાટ્યગીતોમાં કાવ્યતત્ત્વ છે? - કોઈને આવો સવાલ થાય. સ્વાભાવિક છે. નાટકનું ગીત, નાટકના વિષયવસ્તુ અને સ્થિતિને (Situation) અનુરૂપ હોય, કથાપ્રવાહને આગળ લઈ જતું હોય, પાત્રના મનોભાવને પ્રગટ કરતું હોય, ક્યારેક ભવિષ્યકથન કરતું તો ક્યારેક સીધો સ્થૂળ ઉપદેશ-બોધ આપતું હોય છે- આથી આવો સવાલ જાગે. પણ નાટ્યગીતનો કવિ પોતાનાં કર્મ વિશે, પોતાના દાયિત્વ વિશે સ્પષ્ટ છે, એ કહે છે:

**ઘડીક હસાવે, ઘડીક રડાવે,**
**બધ્ધે બોધ બતાવે—**

**(નાટક સતી પાર્વતી: ૧૯૦૬**
**કવિ: ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી)**

એમને મન નાટક 'દુનિયાનું દર્પણ' છે. સમાજ સામે લાલબત્તી ધરતું મહત્ત્વનું માધ્યમ એ મનોરંજન સાથે હેતુલક્ષી છે. આથી જ એના ગીતોના કાવ્યતત્ત્વને માણતા પહેલાં થોડીક પૂર્વભૂમિકા આવશ્યક લાગી.

અહીં કાવ્યતત્ત્વ ન હોવાનું લાગવાના કારણોમાં, એના અત્યંત લોકપ્રિય થયેલાં પ્રહસન વિભાગના ગીતો છે. આ ગીતો આજે કાને બહુ પડે છે. કાર્યક્રમોમાં આજેય એ જમાવટ કરે છે. પણ એના આધારે જ અન્ય તમામ રચનાઓ અંગે નિર્ણય ન થાય અને હા! આ ગીતોનું વિષયવસ્તુ પણ જે તે situation સરસ રીતે વ્યક્ત કરે જ છે. એના તરફ એક ઊડતી દૃષ્ટિ નાખશો તો પણ તમને મારી વાત સમજાશે. પ્રેમ અને લગ્ન જેવા વિષયો પર લખાયેલાં આ ગીતોમાં ઝલકતા હાસ્યરસ પડખેનો કટાક્ષ ધ્યાન ખેંચે તેવો છે...

ઉદા.:

**નથી પ્રેમમાં સાર, અરે એ નવરાના ધંધા...**
**તું મારી છે, હું તારો છું કહી કરતા ગોરખધંધા**
**ભોળી બાળાને ઝટ ભરમાવે કહી નભની ચંદા**

**(ભાલવપતિ: ૧૯૨૪ કવિ: રઘુનાથ બ્રહ્મભટ્ટ)**

આજે પણ આ સ્થિતિમાં કૈં ફેર નથી પડ્યો! બાળાઓના અપહરણના કિસ્સાઓ આપણી ચિંતાનો વિષય આજે પણ છે જ.

**પરમેશ્વર પૃથ્વી પરનો પરમપૂજ્ય રૂપૈયો**

**(ઉગતો ભાનુ: ૧૯૩૭ કવિ: જી.એ. વૈરાટી)**

**લાગણી સાચી ક્યાંથી મળે?**
**એક્સિડન્ટ પ્રાઈમસના થાતા એમાં બૈરાં બળે.**

**(વડીલોના વાંકે: ૧૯૩૮ કવિ: પ્રભુલાલ દ્વિવેદી)**

**ગજા પ્રમાણે બધાય ખાતા, કહેવાતા શાણા, આખરે હરામના નાણા**

**(સંપત્તિ માટે: ૧૯૪૧ કવિ: પ્રભુલાલ દ્વિવેદી)**

**અલી ભોળી ગામડિયણ,**
**ખોટી ભભકમાં સાચી શોભ વિસરતી ના**
**દેખાદેખી કરી,**
**તારા જીવનની જોજે ઉપાધિ વધારતી ના**

**વ્યવહારે વસમી વાત - દેખાદેખી**
**તોયે કરતી માનવજાત - દેખાદેખી.**

**જ્યાંના ત્યાં પાછા લાવે છે,**
**ઘડીક કરી ઉત્પાત -દેખાદેખી.**

**(સમય સાથે: ૧૯૪૫ કવિ: પ્રભુલાલ દ્વિવેદી)**



આમાંની કઈ પરિસ્થિતિ આજે પણ બદલાઈ છે? જાણે બધું યથાવત હોય એવું લાગે. આને કારણે જ કવિને આર્ષદ્રષ્ટા કહેતા હશે? અને કવિતાનું લક્ષણ 'કાલજયી'?

૧૮૫૩થી ભાંગવાડી ભાંગ્યું (૧૯૭૯-૮૦) ત્યાં સુધી ગુજરાતી જૂની રંગભૂમિનો ઈતિહાસ તો બહુ લાંબો છે. એમાં અનેક નાટકમંડળીઓ આવી અને ગઈ. અને અનેક નાટકો થયાં. બહુઅંકીથી લઈને દ્વિઅંકી નાટકો અમર કલાકારોએ રજૂ કર્યા અને પ્રેક્ષકોએ એ માણ્યા. સમર્થ સંગીતજ્ઞોના સથવારે એનાં ગીતો રેલાયાં. એમાંનાં કેટલાંક ગીતોમાં રહેલી કવિતાની માત્ર વાત કરવી છે. દરિયામાંથી અંજલિ ભરી પુનઃ દરિયામાં ઢોળવી છે. અંજલિથી દરીયાની સમૃદ્ધિનો પરિચય તો ન જ મળે, પણ ઝલક મળી રહે તોય ઘણું!

૧૮૯૯માં 'વીણાવેલી' નાટકમાં ડાહ્યાભાઈ ધોળાશાજી ઝવેરીએ જે ગરબો મૂક્યો —

**ઊગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર હાર**

આ ગરબા-ગીતનો ઉપાડ જુઓ! ચંદ્રમાએ કવિઓને સદાય આકર્ષ્યા છે. એની શીતળતા, એનું સૌંદર્ય, રેલાતી ચાંદની - આ સઘળાં અને એની માનવમનને ઉન્માદિત કરતી અસરો કવિતાનું કારણ બન્યા છે... કવિ કાન્ત, 'આજે મહારાજ જલ પર ઉદય જોઇને ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે-' એમ કહે છે, ત્યારે ડાહ્યાભાઈ એ ચંદ્રને 'સૃષ્ટિનો શૃંગારહાર' કહે છે! કદાચ, ચંદ્રને આ રીતે આપણે કોઈએ જોયો કે આલેખ્યો નથી. આ એક જ અભિવ્યક્તિ એને કવિતા સિદ્ધ કરવા પૂરતી નથી શું? છતાં સમગ્ર ગીતમાં આગળ વધીએ ત્યારે તો કવિકલ્પના દાદ મેળવ્યા વગર રહેતી જ નથી.

ધરતી એ 'પ્રેમઘેલી નારી' બની છે, ધરાસુંદરી એના ચંદ્ર-કાન્તના આગમને આનંદમાં ડોલી રહી છે. પત્ની, પતિના આગમને જે ભાવ અનુભવતી હશે તેનું તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન ચિત્ર છે. અહીં પતિ-પત્ની 'એક તાળાની બે ચાવી'નું દામ્પત્ય નથી જીવતા. પતિના આગમન વખતે, મ્હોં ધોઈ, વાળ ઓળી, ચાંદલો કરી, આંખોમાં ઉત્કંઠાનું કાજળ આંજી, બારણા પાછળ ઊભી રહેલી પત્નીને આ માટે યાદ રાખવી પડે. કેવી આજ્ઞાંકિત છે ભોળીનાર? પતિના પાયે પડી છે, શાંતિપાઠ શીખવા! પતિગુણ ગાતી ગુણિયલ ગોરી અહીં દામ્પત્યનો આદર્શ છે. આ વાતનો વિરોધ હોઈ શકે, આજે પણ કવિની કલમ હવે જે આલેખે છે તે રસ પડે તેવું છે:

'ચંદ્ર સુખે ચીડાઈને, તારાના મુખ શ્યામ' - કોઈનું આવું દામ્પત્યસુખ જોઈએ - ચંદ્ર અને ધરા જેવું - તો આપણુંય આવું જ કૈંક થાય છે ને! (ના પાડવામાં પ્રામાણિકતા છે કે દંભ તે આપણે જાણીએ) કવિ કહે છે: 'સદગુણીનું સુખ ભોળીને, રમે દુષ્ટના રામ' - દામ્પત્ય સુખનો મહિમા કેટલો બધો છે? આજે કદાચ આ ભાવ સાથે સંમત નય થવાય પણ...

**સખી, જેને પતિનું માન,**
**તેનાં ગાયે ગાંધર્વ ગાન**
**પામે દેવી સમા સન્માન...**

ગૃહિણીઓ માટે ડાહ્યાભાઈએ લખ્યું છે: ચતુર ચંદ્ર સમ ધણી મળે જય જય ત્યાં ઉચરાય.

આખીય રચનાનો ઉઘાડ કવિતામય છે, અંત સ્થૂળ અભિવ્યક્તિ સમો છે. પણ આખી કલ્પના રસ પડે તેવી છે.

'ચંદ્ર'ને જ અનુલક્ષીને 'રજનીવર' જેવોય પ્રયોગ કરીને રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે લખ્યું છે: 'રમજે રસભર હે, રજનીવર, રાતલડી સંગાથે' (માલવપતિ: ૧૯૨૪) તો અન્ય એક નાટકમાં કહ્યું છે: 'નભમાં આજે રાજતાં, રસિક સુધાકર રાજ' (રણસંગ્રામ: ૧૯૩૪) ચંદ્રની આવી રસછલકતી છબીનું એક અનેરું ઉદાહરણ એટલે કવિ પ્રભુલાલ દ્વિવેદી (વિદ્યાવારિધિ: ૧૯૫૧)નું આ ગીત. વળી એકવાર, ગીતના ઉપાડની કલ્પના જુઓ - 'નિશાએ કુંભ શિશ પર ધર્યો, ઉજળો અને અમીથી ભર્યો' - ચંદ્રને કુંભરૂપે, નિશાના મસ્તકે નિહાળ્યો છે કવિએ. ચંદ્રનો ગોળાકાર જ માત્ર એને આ 'કુંભ' રૂપે સરખાવવા પૂરતો સીમિત નથી. આ 'કુંભ'નું કાર્ય પણ જલકુંભ જેવું જ છે - તૃષા છીપાવવાનું. તો ચંદ્રકુંભ કોની તૃષા છીપાવે છે?

કવિ કહે છે:

**શ્રમિકોના શ્રમ હરવા માટે,**
**વિશ્વ સુધાથી ભરવા માટે,**
**રજની રસભર કરવા માટે,**
**અવની પર અવતર્યો**

ચંદ્રનું ઉગવું અકારણ નથી, સકારણ છે. પણ એ પણ આ માટે-શ્રમિકોના શ્રમ હરવા માટે.

દિવસભરની મજૂરી કરીને માંડ માંડ જંપેલા શ્રમિકને આરામ મળે છે રાત્રિએ. ચંદ્ર એનો થાક દૂર કરવા ઉગ્યો છે... (કાર્લ્સમાર્કસ!) રસરાતડીને રસિકને લાગેલો 'શ્રમ' તો વળી જુદો!

મુ. વિનાયકભાઈ દ્વિવેદી નોંધે છે કે મૂળ આ નાટકનું કથાવસ્તુ મહાકવિ ભારવિના જીવન પરથી લેવાયું છે. ભારવિના પત્ની વિદ્યાવતી પત્નીની સાથે આવી કોઈ રમણીય રાત્રિએ રસાનુભવ કરતાં બેઠાં છે. પણ પતિ પંડિત છે- રસરાજ નથી.



શૃંગારરસના આલેખનને એ 'ટાયલાં' કહે છે ને પત્ની પતિને કહે છે કે 'શૃંગાર તો કાલિદાસનો' એના ઉત્તરમાં પતિ ભારવિએ આ રસ નીતરતું ગીત કહ્યું. ગીતના અંતે એક રસમય દૃશ્ય:

**પંચશરે શર ચાપ ચડાવ્યું**
**ત્યાં નલિનીને હસવું આવ્યું**
**નીલાંબરનો પાલવ સ્હેજે,**
**ઉર ઉપરથી સર્યો.**

આ આખોય સમાજ શૃંગાર અને સંકોચ, રાગ અને વિરાગ, રસિકતા અને સંસ્કારિતા, મન અને મર્યાદા વચ્ચે ઝૂલે છે. આધુનિકતાનો પવન વાયો છે, પણ મૂળ (મૂલ્ય) ન ઉખડે એની મથામણ છે. વહેવું છે, પણ ભાન ન ભૂલાય એનીય ચિંતા છે.

'સંતસમ્રાટ' નામના એક અપ્રગટ નાટકના ગીતમાં પ્રભુલાલભાઈ સ્પષ્ટ કહે છે:

**એ શણગારો, અંગે અંગે રસિકતા ખીલવે છે,**
**છતાંય મન પર એ જીવન પર, અંકુશ રાખી રે' છે.**

**શોભા અર્પે નિત્ય અવનવી, વિકસાવે સંસ્કાર -**
**એ શણગારો આપણા.**

સમાજના સ્વીકૃત સંયમ-નિયમના મૂલ્યો સાથે આ કવિઓ કદીક અડપલું કરી લેતા લાગે છે, પણ એ છાલક પાછી સીમિત થઈ જઈ, સંયમની પાળમાં સમાઈ જાય છે.

સ્ત્રીનો જ એક શણગાર એટલે સાડી. પ્રભુલાલભાઈ લખે છે:

**સાડી હિન્દુસ્તાની - જાળવે મોહકતા મરોડ**

અંગે અંગના ભાવના, રસિકતાની ઓપાવે છે અંગના-મરજાદાની કોરશે કિનારી હિન્દુસ્તાનની (સોનાનો સૂરજ-૧૯૫૦) આ સાડીના પાલવ અને કિનારાના વિવાદને ગીતમાં ઢાળતા કવિ પ્રભુલાલ દ્વિવેદી (શંકરાચાર્ય: ૧૯૩૩) એ એક પછી એક એવી દલીલો બંને પક્ષેથી આલેખી છે કે ગીતના અંતે આપણે પણ 'કોણ જીત્યું' તે જાણવા ઉત્સુક બની જઈએ. 'નિતંબ પર લહેરાતા' પાલવને કિનારે 'નિર્લજ' કહ્યો છે. તો બે આંગળીઓ વચ્ચે રમવાની પોતાની કક્ષાનો મહિમા કર્યો છે. પણ ગીતને અંતે પાલવ જે દલીલ મૂકે છે તેમાં કવિતા છે:

**પાલવ કહે: અમોલ આંસુ પાલવડે લૂછાય**
**કિનારી, તું કોરી રહી જાય!**

(આ ગીતને મહારાષ્ટ્ર રાજ્યના ગુજરાતીના વિદ્યાર્થીઓના શાળાના અભ્યાસક્રમ 'બાલભારતી'માં સામેલ કરાયું છે.)

હવે ભલે સાડીનું પ્રમાણ ઘટ્યાનું લાગે, ઘૂંઘટ અને પાલવ જૂની રંગભૂમિમાં ખીલ્યા અને ખૂલ્યા છે:

**'ઘૂંઘટ પટમાં ગોરીનાં અનુપમ સન્માન'**
**(રૂઢિબંધન: ૧૯૩૯)**

આ જ ગીતનાં અંતે કવિ કહે છે: 'રસિયાનાં દિલ પર જગમાં કરતો રાજ: ઘૂંઘટડો', તો આ જ ઘૂંઘટ પ્રભુલાલ દ્વિવેદીના ગીતમાં આમ ખૂલે છે:

**આ તો લાખેણી લજ્જા કહેવાય,**
**શોભે ઘૂંઘટડો**
**ચંદ્ર જાણે વાદળમાં છૂપાય**
**શોભે ઘૂંઘટડો**

આ ગીતમાં કવિ એક સુંદર પંક્તિ આલેખે છે:

**રૂપ શોભે છે લજ્જાની ઓથે રહી.**
**મન મૂંઝે, ને નૈણા હરખાય,**
**શોભે ઘૂંઘટડો.**

જોનારાનું મન મૂંઝાય ને જેણે ઓઢ્યો છે ઘૂંઘટ એના નૈણા હરખાય એવી રસમય સ્થિતિને તો માણે એ જ જાણે-

પ્રણયભાવ નિરૂપણ પરત્વે આ કવિજનો મૂંજી કે અરસિક નથી જ નથી — હા, મર્યાદાશીલ જરૂર છે...

ગીતનો ઉપાડ કવિ પ્રભુલાલ દ્વિવેદી (યુગલ પ્રભાવ: ૧૯૩૪) કરે છે:

**બેમાંથી કોણ બોલ્યું ભાષા પ્રથમ પ્રણયની?**

ને અંત જુઓ:

**જીવનકલા કવિતા, સમજાય ધીરે ધીરે**
**સમજાય એ સમય પર, વાતો સમય સમયની.**

અહીં ગીતોમાં પ્રશ્નો ઉઠાવાય છે, ને એના જવાબ રસિકજનની રસિકતા પર છોડી દેવાય છે. રસકવિ ગાય છે:

**પ્રિય પ્રેમી પ્રીતમની કે પ્રીતમ પ્રેમી પ્રિયાનો છે?**

(કુમારપાળ: ૧૯૧૯) આ ગીતમાં માનુનીને મદ ભૂલીને સમર્પણની તૈયારી કરવાનું કહેવાય છે. કારણ કવિ માને છે કે:

**ત્યાં શા શીખાય પ્રણયમંત્ર,**
**જ્યાં નયને મદ ઘેરાય?**
**પણ જ્યાં જરી આંખથી આંખ મળે,**
**પળમાં ઉર એકબીજા ઉછળે**
**અધીરાં હ્રદયેથી હ્રદય મળે**
**ત્યાં રસસાગર છલકાય—**

ધ્યાન રહે કવિ હૃદયથી હૃદયના મળવાનો મહિમા કરે છે. પણ એનો અર્થ એ નથી કે આ જૂની રંગભૂમિના ગીતોમાં તનનો છેદ ઉડાડી દેવાયો છે. આજ કવિનું એક ગીત છે.

**ઘેનભરી આંખે કુંજમાં ગઈ ત્યાં**
**કોઈક મળ્યું એકાએક**
**પાસે બોલાવી, હૈયે દબાવી,**
**કૈં કૈં કીધું, મન હરી લીધું -**

**(માલવપતિ: ૧૯૨૪)**

કે આ ગીત —

**અલકાવલિની લટમાં કે રક્ત અધર પટમાં**
**દગબાણની ઝપટમાં કે ઉભય ઉરજ ઘટમાં**
**લપટાય નહીં એવા, નર કોઈ નથી સૃજાયા**
**રમણી મહાન માયા**

**(શાલિવાહન: ૧૯૨૭)**

શૃંગારરસના ગીતો કદાચ આપણી જૂની રંગભૂમિનું ઘરેણું છે. આ ગીતોએ જે તે સમયના સમાજને અભિવ્યક્તિ આપી છે. એક પ્રકારનું outlet મળ્યું છે આ ગીતોમાં. અહીં ‘સામી સડક પર બંગલો’ કે ‘પિયુ પહેલાં પેસેન્જરમાં આવજો’ જેવી અભિવ્યક્તિ પણ છે, તો વેણીનાં ફૂલ ન ગૂંથાઈ શકવાનું કારણ અને આવું કાવ્યમય તારણ પણ છે. કવિ મણિલાલ પાગલનું આ ગીત જુઓ:

**ગૂંથૂં ગૂંથૂં ને ગુંચવાય અંબોડો**
**ના બંધાય આ વેણીનાં ફૂલડાં —**
**ને એનો ઉકેલ?**

પ્રેમની તદ્દન અંગત અનુભૂતિની આ ‘માણે તે જાણે’ની શરતનું જ એક આ ઉદાહરણ-રસકવિ સવાલ કરે છે:

**પ્રેમ મીઠો કે મીઠો પ્રિયતમ**
**બેમાં મીઠું કોણ?**

કવિ કહે છે:

**કોઈનો અનુભવ કોઈ શું જાણે**
**રસિક વિના કહે કોણ?**
**રસિયા વિણ રસ રમતો મીઠી**
**રસથી રમશે કોણ?**

**(સાંભર રાજ: ૧૯૩૨)**

અને આ ગીત? પ્રભુલાલભાઈ કહે છે:

**હોય મીઠી અર્ધીરાત,**
**અર્ધ ઉમંગો, અર્ધા રંગો હોય સદા રળિયાત...**
**અર્થ ઉઘડ્યા અંતર એ તો કવિતા છે સાક્ષાત્**
**અર્ધે રસ્તે મળ્યા રસિકડાં, હોય નહીં ઉત્પાત**

**(સોનાનો સૂરજ: ૧૯૫૦)**

અધૂરપની મધુરપ છલકતી આ અભિવ્યક્તિ કવિતા જ છે ને?

જૂની રંગભૂમિનાં ગીતોમાં વિષય તરીકે બહુ રસ પડે તેવા પ્રશ્નો ઉઠાવાયા છે. એક ઝલક માત્ર જોઈએ—

(૧) **કાળજડાં કોણે ઘડ્યાં?**

**(ગોપીનાથ: ૧૯૪૯)**

(૨) **પિયુને એક જવાબ**
**એનો જવાબ કોઈને ના જડ્યો**

**(સોમલદેવી: ૧૯૩૨)**

(૩) **આજ સખી અંતરની પૂછું એક વાત**
**કહે, મીઠી સંધ્યા કે મીઠડી પ્રભાત?**

**(અજયધારા: ૧૯૨૯)**

(૪) **મેંદી, આ રંગ તને પ્રીતડીનો...**
**ક્યાંથી લાગ્યો રે,**

**(સમય સાથે: ૧૯૪૫)**

(૫) **સોનાનો ઘડો શીશ પર ધરીને જતી —**

**(વિમલ જ્યોતિ: ૧૯૫૦)**

ગીતકવિતાનું પ્રધાન લક્ષણ જ એની ગેયતા અને સરળતા છે. એમાં નવા વિચારનો ચમકાર ઉમેરાય ત્યારે વિશેષ આનંદ થાય છે. જૂની રંગભૂમિનાં ગીતોમાં આવા અનેક સંતર્પક અનુભવો થાય છે. અહીં ‘સામા મળ્યા સોમવારે, માયા લાગી મંગળવારે’ (વિમળ જ્યોતિ: ૧૯૫૦)થી લઈને


**એક સવારે નદી કિનારે**
**બે પ્રેમીજન મળી ગયાં**
**સ્નેહ સમસ્યા સરળ બની ગઈ**
**સંકટ બેયના ટળી ગયાં**

**(સંત સમ્રાટ પ્રભુલાલ દ્વિવેદી)**

જેવી રચના મળે છે. આ ગીતની સરળતા છેતરામણી છે. કવિને અપેક્ષિત છે, એકમેકને મળતા રહેવું, ખુલતા રહેવું. તો સ્નેહજીવનની કોઈ પણ સમસ્યા ન ઉકલે એવું બને જ નહીં. આજે સૌથી વધુ મૂંઝવણ આ સંક્રમણની જ (communication) છે ને!

જૂની રંગભૂમિના ગીતો પર નજર ફેરવીએ ત્યારે આ કાવ્યતત્ત્વ ક્યારેક સીધા ઉપદેશ પાછળ છૂપાઈ કે દબાઈ જાય છે. ભક્તિરસપ્રધાન રચનાઓમાંનું ચિંતન, જિંદગીની વિષમતાઓ સંદર્ભે ચાલતું મંથન અને આક્રોશ, માનવીની સ્વાર્થાંધતા અને સમાજજીવનમાં જોવા મળતી સ્ત્રી અને સજ્જનોની દુર્દશા, આપણા કુરિવાજો આ સઘળાં વિશે આ કવિઓને કંઈક કહેવું છે. ને આ કહેવામાં ક્યારેક 'કાવ્યતત્ત્વ' એમને મન બહુ મહત્ત્વનું નથી રહ્યું. પણ, કદાચ વધારે સાચું એ છે કે આ સઘળાં 'ગીતો' છે અને એ સ્વરબદ્ધ થઈને, ગવાઈને ભાવકો સુધી પહોંચવાના હોવાને લીધે એને બને ત્યાં સુધી સરળ અને સુગમ જ રહેવા દેવાય છે; ને એ દ્વારા એના સર્જકોએ પોતાને અપેક્ષિત લક્ષ્યપ્રાપ્તિ કરી જ લીધી છે. કાવ્યતત્ત્વના અનેક માનદંડો છે, એમાં એક આ પણ છે જ ને કે ભાવસંક્રમણ સચોટ રીતે પૂર્ણ થાય! કવિને જે કહેવું છે તે ભાવકના મન-હૃદયમાંય વસી જાય.

આ ગીતોની લોકપ્રિયતાના સંદર્ભે આપણે એના સર્જકોની સાથોસાથ જ એના સમર્થ સ્વરકારો અને ગાયક ગાયિકા (અભિનેતા-અભિનેત્રીઓ)ને પણ યાદ કરવા ઘટે. એમનું યોગદાન પણ અંશભેર ઓછું નહોતું જ આ વન્સમૉર માટે! ત્યારે પણ ને આજે પણ! એ સંદર્ભે અભિનેતા-ગાયકમાં માસ્ટર અશરફખાનને વંદન કરીએ. રંગભૂમિના એક કલાકારની સાત્ત્વિક પ્રતિભા 'પીર' સ્વરૂપે પૂજનીય બની એ કલાજગતની અદ્વિતીય ઘટના છે.



# ગુજરાત વિશ્વકોશમાં અર્ચન ત્રિવેદીનું 'ગીત, ગમ્મત અને રંગભૂમિ' વિશે વક્તવ્ય



વક્તવ્ય આપતા અર્ચન ત્રિવેદી અને ઉપસ્થિત શ્રોતાઓ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તારીખ ૧૨મી જૂનના રોજ 'ગીત, ગમ્મત અને રંગભૂમિ' વિશે વક્તવ્ય આપતાં જાણીતા અભિનેતા અર્ચન ત્રિવેદીએ કહ્યું કે, ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ લગભગ પોણા બસો વર્ષનું ગૌરવ ધરાવે છે. પ્રભુલાલ દ્વિવેદી, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટથી માંડીને માધવ રામાનુજ સુધીના કવિઓએ રંગભૂમિ માટે ગીતોની રચના કરી છે. પહેલાના જમાનામાં નાટ્યમંડળીઓ કેવી રીતે સ્થપાતી હતી તેની રસપ્રદ વાત કરતાં મોતીબાઈ, કમળાબાઈ કર્ણાટકી, અશરફખાન, મણિલાલ પાગલ, બાપુલાલ નાયક, મૂળચંદમામા, મોહનલાલજીને યાદ કરીને કેટલાક પ્રસંગો વર્ણવ્યા. તેમણે જણાવ્યું કે પ્રભુલાલ દ્વિવેદીના પુત્ર વિનયકાન્ત દ્વિવેદીએ 'મીઠા ઉજાગરા' નામનું પુસ્તક લખ્યું છે. જેમાં નાના નાના સુંદર પ્રસંગો ટાંકેલા છે. આજે નાટકમાં કામ કરનાર કેટલીક અભિનેત્રીઓને દોઢથી બે હજાર મળે છે, જ્યારે મોતીબાઈ એ જમાનામાં બારસો રૂપિયા પુરસ્કાર લેતા હતા અને એમને એમના ઘરે લેવા બગી ગાડી મોકલવામાં આવતી હતી. જયશંકર સુંદરી પાસે મુંબઈની શેઠાણીઓ સાડી કેવી રીતે પહેરવી તે શીખવા આવતી હતી. જયશંકર સુંદરી અને બાપાલાલ નાયકના નાટકમાં એક ગીત આવતું હતું તે એટલું લોકપ્રિય બનેલું કે કેલિકો મિલે એને ધોતિયાની કિનાર પર છાપ્યું હતું અને તેના ધોતિયા વેચાઈ ગયા હતા. આવા અનેક રસપ્રદ પ્રસંગો સાથે એમણે રંગભૂમિના ગીતો પણ ગાયા હતા. પ્રારંભમાં ડૉ. પ્રીતિ શાહે વક્તાનો પરિચય આપ્યો હતો.



વક્તવ્ય આપતા અર્ચન ત્રિવેદી

# ગાયક-સંગીતકાર રાસબિહારી દેસાઈ પ્રેરિત 'સંગીતિ' સંસ્થા દ્વારા 'રંગભૂમિગીતયાત્રા' કાર્યક્રમ



ગુજરાતી કાવ્યસંગીતનું સન્માનનીય નામ એટલે રાસબિહારી દેસાઈ. તેઓ જેટલા સ્વરના ચાહક હતા એટલા શબ્દના પણ ચાહક હતા. જાણીતા ગાયક-સંગીતકાર રાસબિહારી દેસાઈ પ્રેરિત 'સંગીતિ' સંસ્થા દ્વારા તારીખ ૨૨મી જૂનના રોજ અમદાવાદના રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે 'રંગભૂમિગીતયાત્રા' કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં જૂની રંગભૂમિથી લઈને નવી રંગભૂમિનાં ગીતોની પ્રસ્તુતિ કરતો એક સુરીલો અવસર યોજાઈ ગયો. અર્ચન ત્રિવેદી, નિસર્ગ ત્રિવેદી, હેતલ મોદી, નિધિ દેસાઈ, નિષ્ઠા મહેતા, વૈદેહી પંડિત અને કૌશલ પીઠડિયાએ ગીતોની સુરીલી સફર કરાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં જૂની રંગભૂમિમાં ગવાતાં સંસ્કૃત ગીતોથી શરૂ થઈ હતી જેમાં પ્રભુલાલ દ્વિવેદીથી માંડીને સૌમ્ય જોશી સુધીના કવિઓની રચનાઓનો સમાવેશ કરાયો હતો. જેમાં 'હૃદયના શુદ્ધ પ્રેમીને', 'હે તમે ઝો ઝો' અને 'એકસરખા દિવસ સુખના' ગીતોને શ્રોતાઓએ વન્સમોરથી વધાવી લીધા હતા જ્યારે 'હું ય નટરાજ છું ભગવાન શંકર જેવડો' જેવા અત્યંત લોકપ્રિય જૂની ગુજરાતી રંગભૂમિના ગીતોની પ્રસ્તુતિને શ્રોતાઓએ ભરપૂર માણી હતી.




## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૨ ઑગસ્ટ: **સંકેત ખાંડેકર** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૩ ઑગસ્ટ: **લતેશ શાહ** (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

૪ ઑગસ્ટ: **શરીફા વીજળીવાળા** (સાહિત્યકાર, સુરત)

૪ ઑગસ્ટ: **મયૂર દવે** (વાદક કલાકાર-કિ-બોર્ડ, અમદાવાદ)

૫ ઑગસ્ટ: **મૈલિક મહેતા** (વાદક કલાકાર-તબલાં, અમદાવાદ)

૬ ઑગસ્ટ: **આદિત્ય નારાયણ** (ગાયક, મુંબઈ)

૬ ઑગસ્ટ: **દલેર મહેંદી** (ગાયક, મુંબઈ)

૬ ઑગસ્ટ: **ચંદ્રકાંત મહેતા** (સાહિત્યકાર, અમદાવાદ)

૬ ઑગસ્ટ: **મનદીપ ધ્રુવ** (વાદક કલાકાર-તબલાં, અમદાવાદ)

૭ ઑગસ્ટ: **સુરેશ વાડકર** (ગાયક સંગીતકાર, મુંબઈ)

૭ ઑગસ્ટ: **ચંદ્રકાંત ટોપીવાળા** (સાહિત્યકાર, અમદાવાદ)

૮ ઑગસ્ટ: **હરિત ધોળકિયા** (ગાયક, ભાવનગર)

૮ ઑગસ્ટ: **વિભૂતિ ભટ્ટ** (ગાયિકા, ભાવનગર)

૧૦ ઑગસ્ટ: **વિજય શાસ્ત્રી** (વાર્તાકાર, વિવેચક, સુરત)

૧૦ ઑગસ્ટ: **પ્રાચી શાહ** (ગાયિકા, અમદાવાદ)

૧૦ ઑગસ્ટ: **જયંત મેઘાણી** (પુસ્તક પ્રસારક, ભાવનગર)

૧૧ ઑગસ્ટ: **દિક્ષિત ઘોડા** (દિગ્દર્શક, નિર્માતા, અમદાવાદ)

૧૨ ઑગસ્ટ: **ભાવિની જાની** (ટી.વી. અને નાટ્યકલાકાર, અમદાવાદ)

૧૨ ઑગસ્ટ: **અજય ઓઝા** (લેખક, ભાવનગર)

૧૩ ઑગસ્ટ: **જનક નાયક** (કવિ, પ્રકાશક, સુરત)

૧૩ ઑગસ્ટ: **અપરા મહેતા** (ટી.વી. અને નાટ્યકલાકાર, મુંબઈ)

૧૩ ઑગસ્ટ: **વિનોદ જોશી** (કવિ, ભાવનગર)

૧૩ ઑગસ્ટ: **લાલજી કાનપરિયા** (કવિ, અમરેલી)

૧૪ ઑગસ્ટ: **સુનિધિ ચૌહાણ** (ગાયિકા, મુંબઈ)

૧૪ ઑગસ્ટ: **શર્મિષ્ઠા સરકાર** (નૃત્યાંગના, અમદાવાદ)

૧૫ ઑગસ્ટ: **ડૉ. નીપા ઠક્કર** (નૃત્યાંગના, ભાવનગર)

૧૫ ઑગસ્ટ: **પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય** (ગાયક,સ્વરકાર, મુંબઈ)

૧૫ ઑગસ્ટ: **દધીચિ ઠાકર** (પત્રકાર, કલાકાર, ઉદઘોષક, અમદાવાદ)

૧૬ ઑગસ્ટ: **પ્રવીણસિંહ જાડેજા** (વાદક કલાકાર-દિલરુબા, જામનગર)

૧૬ ઑગસ્ટ: **જયાબહેન મહેતા** (લેખિકા, મુંબઈ)

૧૭ ઑગસ્ટ: **શિલ્પા અંધારિયા** (ગાયિકા, ભાવનગર)

૧૭ ઑગસ્ટ: **દીપ્તિ બ્રહ્મભટ્ટ** (કલાકાર, અમદાવાદ)




## સુખદાયી... ચિર આયુ પામો

૧૮ ઑગસ્ટ: **અરૂણા ઈરાની** (ફિલ્મ, ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

૧૮ ઑગસ્ટ: **યશપાલ ગોહિલ** (નાટ્ય કલાકાર, ભાવનગર)

૧૮ ઑગસ્ટ: **જય બુટાણી** (નાટ્ય કલાકાર, ભાવનગર)

૧૮ ઑગસ્ટ: **ડૉ. વિરાજ અમર** (શાસ્ત્રીય ગાયિકા, અમદાવાદ)

૧૮ ઑગસ્ટ: **ગુલઝાર** (કવિ, ગીતકાર, મુંબઈ)

૧૯ ઑગસ્ટ: **રઈશ મનીઆર** (કવિ, ગઝલકાર, સુરત)

૨૦ ઑગસ્ટ: **શુકદેવ પંડ્યા** (કવિ, અમદાવાદ)

૨૦ ઑગસ્ટ: **રાજેન્દ્ર પટેલ** (કવિ, અમદાવાદ)

૨૦ ઑગસ્ટ: **નરેશ કનોડિયા** (ગુજરાતી ફિલ કલાકાર, મુંબઈ)

૨૧ ઑગસ્ટ: **શશિકલાબહેન ત્રિવેદી** (સાહિત્યકાર, નવી દિલ્હી)

૨૧ ઑગસ્ટ: **તુષાર દવે** (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

૨૨ ઑગસ્ટ: **નીતિન ત્રિવેદી** (લેખક, ભાવનગર)

૨૨ ઑગસ્ટ: **ભાલચંદ્ર શુક્લ** (ગાયક, અમદાવાદ)

૨૨ ઑગસ્ટ: **મહેશ શાસ્ત્રી** (હાસ્ય કલાકાર, અમદાવાદ)

૨૩ઑગસ્ટ: **અનિકેત ખાંડેકર** (ગાયક, અમદાવાદ)

૨૩ ઑગસ્ટ: **હિલ્પન શાહ** (ગાયક, ગ્રાફિક ડિઝાઈનર, અમદાવાદ)

૨૩ ઑગસ્ટ: **અશોક ચાવડા** (કવિ, અમદાવાદ)

૨૩ ઑગસ્ટ: **જયેન્દ્રકુમાર પટેલ** (કવિ, વિદ્યાનગર)

૨૩ ઑગસ્ટ: **ધનરાજ પંડિત** (સાહિત્યકાર, અમદાવાદ)

૨૪ ઑગસ્ટ: **ઘનશ્યામ વાસવાણી** (ગાયક, મુંબઈ)

૨૬ ઑગસ્ટ: **મયૂર વાંકાણી** (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

૨૬ ઑગસ્ટ: **ઉર્વશી પંડ્યા** (સાહિત્યકાર, મુંબઈ)

૨૬ ઑગસ્ટ: **મહેશ વૈદ્ય** (હાસ્ય કલાકાર, અમદાવાદ)

૨૭ ઑગસ્ટ: **મનન દવે** (અભિનેતા, ભાવનગર)

૨૭ ઑગસ્ટ: **વિશ્વા કુંચાલા** (ગાયિકા, અમદાવાદ)

૨૮ ઑગસ્ટ: **પ્રણવ મહેતા** (ગાયક, સંગીતકાર, ભાવનગર)

૨૮ ઑગસ્ટ: **ઈમુ** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૨૮ ઑગસ્ટ: **સલિલ મહેતા** (નાટ્ય કલાકાર, નિર્માતા, અમદાવાદ)

૨૯ ઑગસ્ટ: **મધુકર ઉપાધ્યાય** (કવિ, સંગીત શિક્ષક, ભાવનગર)

૩૦ ઑગસ્ટ: **મહેશ પરમાર** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૩૦ ઑગસ્ટ: **નિરજ પાઠક** (ગાયક, અમદાવાદ)

૩૧ ઑગસ્ટ: **હરિશ્ચન્દ્ર જોશી** (સાહિત્યકાર, ભાવનગર)

૩૧ ઑગસ્ટ: **જિતેન્દ્ર ઠક્કર** (નાટ્યકાર, અમદાવાદ)

૩૧ ઑગસ્ટ: **રતિલાલ બોરીસાગર** (સાહિત્યકાર, અમદાવાદ)




વિશ્વપ્રસિદ્ધ IGI લેબ પ્રમાણિત

ફક્ત **VVS-EF** બેસ્ટ ક્વોલિટી હીરજડિત જ્વેલરી

# પારૂમા
## જ્વેલ્સ્

Exclusive Diamond Jewellery

"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫. ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

SHYAMAL-SAUMIL

the musical odyssey

शीतल

# Best of Shyamal-Saumil

## શ્યામલ-સૌમિલનાં

## સદાબહાર અને લોકપ્રિય સ્વરાંકનો




**સંગીતઃ**
**શ્યામલ-સૌમિલ**

**ગાયક :**
**આરતી મુનશી,**
**સૌમિલ મુનશી,**
**શ્યામલ મુનશી**

Visit us on:www.shyamalsaumil.com

for downloads log on to hungama MOBILE

/shyamalsaumil YouTube

/shyamalsaumil

**Audio CD Available at all Music Stores**

**Marketed by : Wonder Waves Ent.Pvt.Ltd.,** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchvati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834/35, Visit us at: www.shyamalsaumil.com